
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુન - ૨૦૧૧





ચંદ્રપ્રકાશે પ્રકાશતુ મંદિર



પંચ દિવસીય શ્રી વિષ્ણુયાગ મહોત્સવ



શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ અભિષેક



શ્રી શતાબ્દી મહોત્સવ શોભાયાત્રા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥ ॥ मानव सेवा प्रभु सेवा ॥

**ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૦ • અંક-૯ • જુન - ૨૦૧૧
સળંગ અંક - ૩૦૭


પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી


**-:: સંસ્થાપક ::-**

અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: તંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી


**લવાજમ**

દેશમાં :- ✔ આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં :- ✔ આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

**અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**

પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


























**-:: પ્રકાશક અને મુદ્રક ::-**

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ-ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું


## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજીભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિ સ્વીકાર - અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ-ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

E-mail : sandesh@bhujmandir.org
info@bhujmandir.org

**-:: Website ::-**

www.bhujmandir.org.

## તંત્રીની કલમે....

"તનોતુ કૃષ્ણોડખિલમંગલં નઃ" "શ્રીકૃષ્ણ ભગવાન અમારા સમગ્ર મંગલને વિસ્તારો" (શિ.પ. શ્લોક ૨૧૨)

ભુજ મંદિરમાં મૂર્તિ સ્વરૂપે બિરાજતા જગદ્‌ગુરુ શ્રી વાસુદેવ નારાયણ પરબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાનનો શતાબ્દી મહોત્સવ સં. ૨૦૬૭, ચૈત્ર શુક્લ પૂર્ણિમા તા. ૧૮-૪-૧૧, સોમવારથી ચૈત્ર વદ સપ્તમી રવિવાર, તા. ૨૪-૪-૧૧ દરમ્યાન ભક્તિભાવના જોમ સાથે ઉત્સાહપૂર્વક ઉજવાયો.

મથુરામાં આસુરી રાજા કંસની જેલમાં પાદુર્ભાવ પામી માતપિતા દેવકી તથા વસુદેવને પોતાના અવતારીપણાનું, ઐશ્વર્યના પરચા દ્વારા જ્ઞાન કરાવ્યું ત્યાંથી માંડીને, ભાલકા ક્ષેત્રમાં ઋષિના શાપ નિમિત્તે પારધીના શરપાતથી પોતાની અવતારી જીવનલીલાને સંકેલી લઈ સ્વધામ પધાર્યા ત્યાં સુધીના શ્રીકૃષ્ણ પરમાત્માનાં લીલાચરિત્રો વિશ્વના વિદ્વાનોને હિન્દુસ્થાનની આધ્યાત્મિક સંસ્કૃતિની દર્શન કરાવતી તેજસ્વી ગૌરવગાથા છે.

આ ભવ્ય રમ્ય ગાથાને મહર્ષિ વેદવ્યાસે શ્રીમદ્ ભાગવતપુરાણ અને મહાભારતના ગ્રંથોમાં શબ્દબદ્ધ કરી છે. તદનુસાર શ્રીકૃષ્ણ પ્રભુનાં લીલાચરિત્રો અદ્‌ભુત, અહોભાવ જન્માવનારાં અને ભક્તિપ્રેરક છે. તેમાં માનવજીવનની અનેકવિધ ક્રિયાઓનું દર્શન ઉર્ધ્વ કક્ષાએ થયેલું છે. વાસુદેવ ભગવાને ધાર્મિક, સામાજિક, રાજકીય તમામક્ષેત્રોમાં ધૂમમચાવી છે.

વિદુરજી જેવા વિદ્વાન રાજનીતિજ્ઞ, દુર્યોધન અને શકુનિ જેવા મલિન કપટપુરુષો, મંગલકારી ભદ્રપુરુષો, પીડાકારી દુરાચારીઓ, સુદામા જેવા ભક્તમિત્રો, શિશુપાલ જેવા પાપકર્મી શત્રૂઓ - સૌને યથાયોગ્ય જેમઘટે તેમન્યાય આપ્યો છે.

વ્રજભૂમિમાં અષ્ટાંગ યોગને આશરીને ગોપીઓ સાથે રાસક્રિડામાં રાચનાર ! ગોપીઓને ઘેલી કરનાર ગોકુળનો બંસી બજવૈયો ! ગોપીઓનાં મહીમાખણ સાથે તેમનાં ચિત્તને ચોરી લેનાર નટનાગર, નટખટ કાનુડો !

ગોપમિત્ર, ગોરક્ષક, ગોપી વલ્લભ ! ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિનો પમરાટ ! યુધ્ધમાં ઉતર્યા વિના હથિયાર ધારણ કર્યા વિના મહાભારતના યુદ્ધમાં પાંડવોનો વિજય વિધાયક ! કૌરવોના સંહાર દ્વારા ભૂમિનો ભાર ઉતારનાર કુશળ રાજપુરુષ ! કુરુક્ષેત્રના મેદાનમાં ગળગળો બની ક્લૈબ્યને પામી યુદ્ધ કરવાની હિંમત હારી બેઠેલા અર્જુનને શૂરીલી વાણીથી ઉત્સાહિત કરનાર અને ગીતાના આધ્યાત્મિક બોધથી જીવનનાં ગૂઢ રહસ્યોનું તત્ત્વચિંતન સમજાવી મોહનિદ્રામાંથી જગાડનાર ઉપદેશક શ્રીકૃષ્ણ ! સૂર્યને આથમતો અટકાવી અર્જુનની પ્રતિજ્ઞા સફળ કરી કર્ણવધનો અંજામલાવનાર નીતિમય કપટ ખેલનાર ખેલંદો ! પાંચજન્યના ઘોરનાદથી શત્રૂઓના છક્કા છોડાવી દેનાર સુદર્શન ચક્રધારી યુધ્ધવીર યોગેશ્વર !

મોગલાઈનાં નગારાંનો નાદ અને નવાબીની નોબતોનાં ગુંજન શમી ગયાં, પરંતુ કનૈયાની બંસરીનું સંગીત વ્રજભૂમિપરથી નિત્ય નવીન બનીને સંભળાઈ રહ્યું છે. અનંતકાળ સંભળાતું રહેશે. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના પ્રારંભે મંગલાચરણ કરતાં શ્રીકૃષ્ણ ભગવાનનું હૃદયમાં ચિંતવન કર્યું. શિ. પ. શ્લોક ૧૦૮ માં શ્રીકૃષ્ણ ભગવાનની આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ તરીકે ઓળખાણ કરાવી છે. શિક્ષાપત્રીના સમાપન શ્લોકમાં "શ્રીકૃષ્ણ ભગવાન અમારા સમગ્ર મંગળને વિસ્તારો" - એવી અંતર્ગત ભાવના વ્યક્ત કરી છે (શ્લોક-૨૧૨).

શ્રી નારાયણ ભગવાન, શ્રીકૃષ્ણ ભગવાન અને શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી - તત્ત્વરૂપે એક જ છે. શ્રીકૃષ્ણાવતારમાં પ્રભુએ અસુરોનો નાશ કરી ધર્મ અને સત્પુરુષોનું રક્ષણ કર્યું, અને મુમુક્ષુજનોનું કલ્યાણ અને સમાજ સુધારણા માટે, ભક્તજનોને પ્રત્યક્ષ સેવાનો લાભ આપવા, ભક્તોને લાડલડાવવા સ્વામિનારાયણ રૂપે પુનઃ પ્રાદુર્ભાવ પામ્યા. મુમુક્ષુ ભક્તજનોને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ 'શ્રીમદ્ ભાગવત' રૂપે અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ 'શિક્ષાપત્રી' રૂપે પ્રાપ્ત થયું. આવા નંદનંદન ભગવાન શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દી મહોત્સવ તેમજ શ્રી નરનારાયણદેવનો ૧૮૮મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ બન્ને ઉત્સવના વિશેષ અહેવાલ રૂપે આ અંક પ્રગટ કરી રહ્યા છીએ. જય શ્રી સ્વામિનારાયણ.

# શ્રીજી મહારાજની કચ્છ ઉપર કૃપા



શ્રીજી મહારાજે છેલ્લે મંદિરો બનાવવાનો સર્વોપરી સંકલ્પ કરી મંદિરોની સ્થાપનામાં પ્રથમ અમદાવાદમાં સંવત ૧૮૭૮ માં શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી ત્યાંથી શ્રીહરિ ગઢપુર આવ્યા. ફૂલદોલોત્સવ ઉપર કચ્છ ભુજ નિવાસી ગંગારામ મલ્લ, સુંદરજી સુથાર, હીરજી સુથાર વગેરે હરિભક્તો શ્રીજી મહારાજના દર્શન કરવા ગઢપુર આવ્યા. ઉત્સવ પૂર્ણ થયા પછી અક્ષરઓરડીએ બેઠેલા શ્રીજી મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી કચ્છ ભુજના ભક્તોએ પ્રાર્થના કરી મહારાજ ! અતિ દૂર અમારા કચ્છ પ્રદેશમાં તમારાં દર્શન બધા ભક્તોને અહીં જેટલા સુલભ નથી. કારણ કે કચ્છ આવવા જવાનો માર્ગ બહુ જ કઠિન છે. એ સમયે કચ્છમાં આવવું એટલે પેનીથી ચોટી સુધી પરસેવો વાળવા જેવું કઠિન હતું.

કચ્છના ભોમિયા નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં લખ્યું છે કે (ચોપાઈ)

"ખારા સમુદરની છે ખાડી,
તે તો ભુજ જાતાં આવે આડી ।
નથી સિધી જાવા પગવાટ,
અમે કહીએ છીએ તેહ માટ ॥"

આનાથી આપણે અનુમાન કરી શકીએ કે તે વખતે કેવી કપરી પરિસ્થિતિ હશે ! ૧૮૭૧માં સુરબારી પુલ થયો તે પહેલાં ગુજરાત સૌરાષ્ટ્ર સાથે કચ્છમાંથી અવર-જવરનો સંબંધ ઓંછો હતો, કચ્છથી બહાર જવું હોય તો માંડવી-કરાચી થઈ પોરબંદરથી મુંબઈ જવાતું એટલેજ કચ્છના લોકો ગુજરાત સૌરાષ્ટ્ર કરતાં કચ્છના લોકો મુંબઈમાં વધુ છે, ભુજના ભક્તો કહે મહારાજ ! કચ્છ પ્રદેશનો આવવા જવાનો માર્ગ બહુ કઠિન છે અને વળી અમારો પ્રદેશ બહુ જ સૂકો એટલે અહીં સુધી બધા આવી પણ ન શકે માટે કચ્છ-ભુજમાં મંદિર બનાવો ને તમારું સ્વરૂપ પધરાવો જેથી અમને તમારાં નિત્ય દર્શન થાય. મંદિર બનાવવા માટે ધન વગેરેની સેવા પણ કરશું. મહારાજ કહે આ તો અમારો સંકલ્પ જ હતો કે કચ્છના સત્સંગીઓ માટે ભુજમાં ભવ્ય શ્રી નરનારાયણદેવનું મંદિર બનાવવું, ચોક્કસ તમારો શુભ સંકલ્પ પૂર્ણ થશે.

શ્રીજી મહરાજે વૈષ્ણવાનંદ સ્વામીને બોલાવીને આજ્ઞા કરી, સ્વામી ! તમે મંડળે સહિત આ ભક્તો સાથે ભુજ જાઓ અને ત્યાં સુંદર મંદિર તૈયાર કરાવો અને મંદિરનું કાર્ય પૂર્ણ થતાં દૂત દ્વારા સમાચાર મોકલજો, અમે ત્યાં આવી શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરીશું. બીજી બાજુ પાર્ષદોને મહારાજે આજ્ઞા કરી કે તમે ડુંગરપુર જાઓ અને ત્યાં શ્રી નરનારાયણદેવની સુંદર મૂર્તિઓ બનાવડાવી ભુજ લઈ આવો.



આ બાજુ વૈષ્ણવાનંદ સ્વામી ભક્તો સાથે ભુજ આવ્યા. સત્સંગીઓના સહકારથી શિલ્પશાસ્ત્રમાં કુશળ શિલ્પીઓ પાસે એક વર્ષમાં નયનરમ્ય એક શિખરવાળું મંદિર બનાવ્યું. સંવત ૧૮૭૯ ના ચૈત્ર સુદ

પૂનમના દિવસે ભુજથી આવેલા અનુચરે શ્રીજી મહારાજને સંદેશો આપ્યો, હે મહારાજ ! કચ્છભુજમાં મંદિરનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. માટે આપ ભુજ પધારી અને શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરો. દૂતના સમાચાર સાંભળી શ્રીજી મહારાજે બાજુમાં બેઠેલા જ્યોતિષી મયરામ ભટ્ટને પૂછ્યું, ભટ્ટજી ! પ્રતિષ્ઠા માટે શુભ મુહૂર્ત ક્યારે છે ? મયારામે તરત જ ટીપણામાં જોઈને કહ્યું, મહારાજ ! વૈશાખ સુદ પાંચમનું શુભ મુહૂર્ત છે. શ્રીજી મહારાજ તરત જ દેશાંતરોમાં આમંત્રણ પત્રિકાઓ મોકલાવી અને સંતો, પાર્ષદો, હરિભક્તો સહિત મહારાજે ચૈત્ર વદ બીજના દિવસે ગઢપુરથી ભુજ આવવા પ્રયાણ કર્યું. માર્ગમાં આવતા ભક્તજનોના ગામોમાં નિવાસ કરતા ચૈત્ર વદ તેરસના દિવસે શ્રીજી મહારાજ ભુજ પધાર્યા. કચ્છના ભક્તોને શ્રીજી મહારાજ પધાર્યાનો ખૂબ આનંદ છે. આનંદમાં રાજસવારી સાથે વાજતે ગાજતે ધામધૂમથી સ્વાગત કર્યું. રાજકીય સન્માન સાથે મહારાજને મંદિર પાસે નિવાસ કરાવ્યો.

આ બાજુ ડુંગરપુરથી પાર્ષદો ગાડામાં મૂર્તિઓ લાવતાં એક મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી. મહારાજ આવ્યા એટલે વૈષ્ણવાનંદ સ્વામીએ વાત કરી, મહારાજ ! મૂર્તિઓ બહુ જ સરસ નયનરમ્ય છે, પણ તેમાંથી નર ભગવાનની મૂર્તિ ખંડિત થઈ ગઈ છે. મહારાજ કહે, ખંડિત મૂર્તિ અપૂજ્ય છે, એ પૂજાય નહિ. વૈષ્ણવાનંદ સ્વામી કહે, મહારાજ ! તો શું કરશું ? પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ નજીકમાં છે.

શ્રીજી મહારાજ દાદા ખાચર, જીવુબા, લાડુબાનો કાગળ લખી ગઢપુરથી શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ ભગુજી પાર્ષદ પાસે ભુજ મંગાવી.



## ચમત્કારી મૂર્તિ

આ શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ ગઢપુરમાં ક્યાંથી આવી ? એ ચમત્કારી કથા છે. સંતોની પરંપરામાં એવું સાંભળવા મળે છે. જીવુબા, લાડુબા આદિ બહેનો ભગવાનનાં દર્શન વિના એક ક્ષણ પણ રહી ન શકતાં. આવો અથાગ સ્નેહ, એટલે એક દિવસ બહેનોએ મહારાજને પ્રાર્થના કરી પ્રભુ ! તમારે આ ગઢપુર છોડીને ક્યાંય જવું નહીં. અમને તમારાં દર્શન વિના એક ઘડી પણ ક્યાંય ચેન પડતું નથી. મહારાજ કહે, બહેનો ! અમારે એક સ્થાનમાં બેસી રહેવું સંભવે નહીં. પણ તમારો નિયમ જળવાઈ રહે અને અમારા સાંનિધ્યનું સુખ રહે એ માટે અમારું સ્વરૂપ અહીં પધરાવશું. તેની તમે સેવાપૂજા કરજો એને જમાડીને જમજો, એ સ્વરૂપમાં રહી અમે તમારી સેવા સ્વીકારીશું અને તમારા સંકલ્પ પૂર્ણ કરશું. આ વાત ચાલે છે ત્યાં એક અજાણ્યો કારીગર ગાડામાં મૂર્તિ લઈને દરબારમાં આવ્યો અને સાદ પાડ્યો, મૂર્તિ લેવી છે ? ત્યારે મહારાજ કહે, દાદા ! આપણે એક મૂર્તિ જોઈએ છે. દાદા ખાચર કહે મહારાજ ! મૂર્તિ જોઈએ તે પસંદ કરો એટલે આપણે લઈએ.

શ્રીજી મહારાજે શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ જોઈને પસંદ કરીને પૂછ્યું, આ મૂર્તિનું કેટલું મૂલ્ય છે ? કારીગર કહે આ મૂર્તિ રાખો, હું ઘેલા નદીમાં સ્નાન કરી આવું પછી આપણે આ મૂર્તિનું મૂલ્ય નક્કી કરીએ. મહારાજ કહે બહુ સારું. તે કારીગર મહારાજને પગે લાગી ઘેલા નદીમાં સ્નાન કરવાના વિષે ગયો તે ગયો પાછો જ ન આવ્યો.

મહારાજ કહે દાદા ! ઘેલા તટે તપાસ તો કરો કે કારીગર હજુ કેમ ન આવ્યો ? દાદા ખાચર તપાસ કરવા ઘેલા તટે ગયા પણ ઘેલાતટે કે એમની આસપાસ કોઈ હતું જ નહીં. દાદા ખાચર પાછા દરબારમાં આવીને કહે, મહારાજ ! ઘેલા તટે તો કોઈ છે જ નહીં. શ્રીજી મહારાજ મંદમંદ હાસ્ય કરતાં કહે અહો.... ભક્તો ! તમે એ કારીગરને ન ઓળખ્યો ? એ કોઈ આ લોકનો માણસ (કારીગર) ન હતો એ તો શ્વેતદ્વીપનો મુક્ત હતો. એ અમારી ઈચ્છાથી જ શ્વેતદ્વીપમાંથી આ મૂર્તિ આપવા આવ્યો હતો.

શ્રીજી મહારાજે શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ દાદાખાચરના ઉત્તરદા બારના ઓરડામાં સંવત્ ૧૮૬૨ ના ફાગણ વદ ત્રીજના દિવસે વૈદિકવિધિથી પ્રતિષ્ઠા કરી. ત્યારથી આરંભીને જીવુબા-લાડુબા આ મૂર્તિની સેવા-પૂજા કરતાં, એ મૂર્તિ શ્રીજી મહારાજે ભગુજી પાસે ભુજ મંગાવી (કચ્છના ભક્તોનું કેવું સદ્ભાગ્ય કે આવી અલૌકિક દિવ્ય મૂર્તિના દર્શનનો લાભ દરરોજ મળે છે)



## ભવ્ય મંદિર નિમાર્ણ ઉત્સવ

મૂર્તિ ભુજ આવ્યા પછી વાસુદેવનારાયણનું નામ નારાયણ પાડ્યું અને નારાયણ ભગવાનની મૂર્તિનું નામ નર પાડી વિક્રમ સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદ પાંચમને ગુરુવાર, તા. ૧૫-૫-૧૮૨૩ ના દિવસે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠાવિધિમાં બ્રાહ્મણોએ શ્રીજી મહારાજ પાસે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પૂજા કરવી, ન્યાસ કરાવ્યા, ત્યારે વેદમંત્રો, વાજીંત્રના ધ્વનિ અને નામધૂનથી સર્વ દિશાઓ ગાજવા લાગી. આવા માંગલિક પ્રસંગે શિખર ઉપર એક હજાર કોરીનું દાન આપી પ.હ. હીરજીભાઈ સુથારે કળશ ચડાવવાની સેવા કરી અને પાંચસો કોરીની સેવા આપી ગંગારામભાઈ મલ્લે ધ્વજદંડ ચડાવ્યો.

એ સમયે દિશાઓને પવિત્ર કરતા વાજીંત્રોના મધુર ધ્વનિ સાથે શ્રીજી મહારાજે સ્વહસ્તે મંદિરમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી આરતી ઉતારી અને બે ઘડી શ્રી નરનારાયણદેવની સામે સ્થિર ઊભા રહી કળિયુગમાં સ્વાશ્રિતો આ મૂર્તિઓની સેવા કરીને પરમસુખીયા થાય એ માટે નરનારાયણદેવની મૂર્તિમાં શ્રીજી મહારાજે પોતાનું અલૌકિક તેજ અને પ્રભાવ ધારણ કર્યો. ત્યારે આકાશ જયનાદોથી ગાજી ઉઠ્યું. અબીલ, ગુલાલ અને કુંકુમનો વરસાદ વરસવા લાગ્યો. આકાશમાંથી દેવો પુષ્પ વરસાવતા નાચગાન કરી કચ્છ ભુજના ભક્તજનોના ભાગ્યને વખાણવા લાગ્યા. છેલ્લે શ્રીજી મહારાજે યજ્ઞની પૂર્ણાહુતિ કરાવી બ્રાહ્મણોને મનમાની દક્ષિણાઓ આપી રાજી કર્યા.

વિશાળ સભામાં બેઠેલા મહારાજે સભાસ્થ ભક્તોને કહ્યું કે હે ભક્તજનો ! આ અમે પ્રતિષ્ઠા કરેલા શ્રી નરનારાયણદેવની મૂર્તિમાં અમે પોતે રહી તમારી પ્રેમથી કરેલી સેવા-પૂજા સ્વીકારશું અને સકામ-નિષ્કામ દરેક મનોકામના પરિપૂર્ણ કરશું. આ દેવના સાંનિધ્યમાં જે સત્કાર્ય કરશે એને અનંતઘણું ફળ મળશે અને દેહાન્તે અમારા અક્ષરધામને પામશે.આવું વરદાન કચ્છના સહુ ભક્તોને આપી મહારાજ પોતાના ઉતારે પધાર્યા. વૈશાખ સુદ આઠમના દિવસે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે શ્રી નરનારાયણદેવની સેવા-પૂજા-ઉત્સવની વ્યવસ્થા કરાવી, કચ્છ દેશવાસી ભક્તોની સેવા સ્વીકારી,



ગોપાળાનંદ સ્વામીને હનુમાનજીની પ્રતિષ્ઠા કરી ગઢપુર આવવાની આજ્ઞા કરી, મધ્યાહ્ને ભોજન સ્વીકારી શ્રીજી મહારાજ ગઢપુર જવા વિદાય થયા. વિ. સંવત ૧૮૭૯ માં જ ગોપાળાનંદ સ્વામીના હસ્તે હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી.

● ● ● ●

સમય જતાં શ્રી નરનારાયણદેવની બાજુમાં બિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના કરકમળો દ્વારા વિ. સંવત ૧૯૨૩ ના ફાગણ સુદ બીજ ને શુક્રવાર, તા. ૬-૩-૧૮૬૭ ના શુભ દિવસે કરવામાં આવી.





સમય જતાં ભુજ મંદિરમાં સુખશય્યાની સ્થાપના વિ. સંવત ૧૯૧૩ માં ફાગણ વદ નોમના કરવામાં આવી. ચિત્રકાર નારાણજી સુથારે શ્રીજી મહારાજ સન્મુખ બેસીને જે મૂર્તિઓ બનાવી છે તે પૈકીની એક શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ (ચિત્ર પ્રતિમા) સુખ શય્યામાં દર્શન આપે છે.

સંવત ૧૯૪૩ માં કાર્તિક સુદ પૂનમને ગુરુવાર, તા. ૧-૧૧-૧૮૮૬ ના દિવસે કલા કારીગરીના નમુનારૂપ સભામંડપ તૈયાર થયો.



મધ્યભાગમાં શ્રી સહજાનંદ સ્વામીના સ્વરૂપને પધરાવવામાં આવતાં કલાકરીગરીથી ભરપૂર આવો આ સભામંડપ સુશોભિત બની ગયો. જેને જોતાં હૈયું ઘેલું બની નાચી ઉઠે છે.



વિ. સંવત ૧૯૬૭ ના દિવસે શ્રી નરનારાયણદેવની ડાબી બાજુના મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ અને નાના ઘનશ્યામ મહારાજની સુંદર નયનરમ્ય મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ધામધૂમથી વેદવિધિપૂર્વક કરવામાં આવી. અને મંદિરના ઉપર ત્રણ શિખરો થયાં.



## સંતોનો સંઘર્ષકાળ

ભવ્યાતિભવ્ય અદ્વિતીય શ્વેત સંગેમરમર દ્વારા નિર્મિત ભુજના શ્રી નરનારાયણદેવના નૂતન મંદિરથી તેમજ મંદિર દ્વારા થતી સામાજિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી, પર્યાવરણલક્ષી અને ધાર્મિક પ્રવૃત્તિઓથી તેમજ મંદિરની સમૃધ્ધિથી વિશ્વભરના લોકો પ્રભાવિત થઈ જાય તે તદ્દન સ્વાભાવિક છે. શ્રી

સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી વર્તમાન સમય આટલો સુંદર અને વૈભવશાળી છે. પરંતુ મંદિરનો ભૂતકાળ આટલો ભવ્ય નહોતો એ વાતથી આજની યુવાપેઢી કદાચ અજાણ હશે. સંવત ૧૮૭૯ થી ૧૯૬૬ સુધીનો સમય એવો હતો કે સંતો ભિક્ષા માગીને જીવન નિર્વાહ ચલાવતા. એ સમયે સમાજ દ્વારા અનેકવાર સંતોને અવહેલના અને અનાદરનો સામનો કરવો પડતો. તેમ છતાં સદૈવ પ્રસન્નચિત્તે અને હસતા ચહેરે સમાજનું ભલું થાય તેવા ભાવ સાથે શ્રી સહજાનંદસ્વામીની આજ્ઞા મુજબ દેશ-વિદેશમાં ધાર્મિક પ્રવૃત્તિઓ અને સત્સંગનો વ્યાપ વધારતા રહ્યા. પરિસ્થિતિ એટલી વિષમ હતી કે સંતો પાસે આવતા હરિભક્તોને ગેસીયો અને મરચાં જમાડીને રાજી કરવા પડતા. હરિભક્તો સાથે સત્સંગ કરતા અને શ્રીજી મહારાજ પ્રત્યે અચળ આસ્થા રાખી મંદિર સાથે જોડાયેલા રહેવાની શીખ આપતા. ધાર્મિક પ્રચાર અને પ્રસાર અર્થે લોકસંપર્ક કરતા. સત્સંગની પ્રવૃત્તિઓ સાથે - સાથે માનવ કલ્યાણ અને સમાજસેવા દ્વારા ભક્તિની જ્યોત પ્રજ્વલિત રાખવામાં સંતોનું નોંધપાત્ર યોગદાન છે. અત્યારે કચ્છમાં વર્તમાન પરિસ્થિતિ એ છે નાનકડા કચ્છનો સત્સંગી દુનિયાના કોઈપણ છેડે પહોંચ્યો અને તે પણ ગૌરવભેર ત્યાં પોતાનો ઉદ્યમ ચલાવે છે, તે આપણા ભુજના સંતોને આભારી છે. નાનામાં નાના હરિભક્તને સંતો કહે જંગબાર જાવ જંગબાર... તો કહે સ્વામી અમને ત્યાં કોણ જાણે અને ત્યાં જવા માટે ટીકીટ પણ ન હોય પણ સંતો ગેસીયા જમીને હરિભકતોને સુખડીના ટીમણ અને મરચા સાથે ટીકીટ પણ આપી વિદેશમાં મોકલ્યા. પહેલા ઝાંઝીબાર (જંગબાર) ગયા પછી ત્યાંથી કંપાલા અને કેન્યામાં વસ્યા જયારે કમ્પાલા ભાંગ્યું ત્યારે યુ.કે. તરફ ગયા અને અત્યારે ઓસ્ટ્રલીયા અને અમેરિકા સુધી પહોંચ્યા છે, પણ મૂળમાં આપણ ભુજ મંદિરના સંતો. એ વખતે આપણા મંદિરની આર્થિક પરિસ્થિતિ પણ સધ્ધર નહોતી. શ્રી નરનારાયણદેવના થાળ પણ રાજદરબારમાંથી આવતા. ૧ શેર ઘી, ૦। (પા) શેર ઘી દીવા માટે, ૧ શેર તેલ, ૧॥ શેર લોટ, પૂજારી માટે ૧ કોરી પગાર, વર્ષમાં નિયમ અગિયારસ તેમજ ગોકુળ અષ્ટમી એમ બે વખત પૂજાપો. આ બધું ભારત દેશ આઝાદ થયો ત્યાં સુધી (સંવત ૨૦૦૪ સુધી) રાજ દરબારમાંથી આવતા. ઉત્સવો સમયે આચાર્ય મહારાજશ્રી પધારે ત્યારે રાજદરબાર તરફથી એક વેલ (ઘોડાગાડી) સેવામાં આવતી. શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા પછી પરિસ્થિતિમાં ક્રમશઃ ધીરે ધીરે સુધારો થતો ગયો. શ્રીજી મહારાજનું શરણ સ્વીકારતાં કચ્છમાં આર્થિક સમૃધ્ધિ આવવા લાગી. સંતોના બોધ થકી શિક્ષાપત્રીમાં ચીંધેલા માર્ગ પર હરિભક્તો ચાલવા લાગ્યા. હરિભક્તો પોતાની કમાણીમાંથી સંતોની આજ્ઞા પ્રમાણે દાન-ધર્માદો દેવને આપવા લાગ્યા અને સંતો સન્માર્ગે તેનો ઉપયોગ કરવા લાગ્યા. પરિણામે નરનારાયણદેવની પ્રસન્નતાથી હરિભક્તોના ધંધા-રોજગારમાં બરકત થવા લાગી. આ રીતે આપણા સંતોએ વાવેલાં બી થી સમૃધ્ધિનો વટવૃક્ષ પ્રાપ્ત થયો, જેના મીઠાં ફળ આજના સત્સંગી હરિભક્તોને મળતાં રહ્યાં છે. આ સમૃધ્ધિ શ્રી




સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને સંતોના આશીર્વાદ થકી નીતિના માર્ગે ચાલવાથી પ્રાપ્ત થઈ છે તે કદાપિ ન વિસરાય તેની જાગૃતિ સમગ્ર કચ્છ સત્સંગના સત્સંગીઓને રાખવાની છે.

વિ. સંવત ૧૯૯૮ માં વૈશાખ સુદ પાંચમને સોમવાર, તા. ૨૦-૪-૧૯૪૨ ના શુભ દિવસે

પ.પૂ.ધ.ધુ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા ધામ ધૂમથી વેદોક્તવિધિએ કરવામાં આવી. આ પ્રાણ પ્યારા ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજનું અનેરું આકર્ષણ એવું છે કે એમનાં દર્શન કરતાં એવી અનુભૂતિ થાય છે કે બસ આ સ્વરૂપને નિરખ્યા જ કરીએ ! શ્રી ઘનશ્યામ મહારાજ સામેથી ખસવાનું લગીર મન થતું નથી. આવાં દિવ્ય દર્શનની ઝાંખી તો ભાગ્યવાનને જ થાય છે.

• • • •

આપણાં મંદિરમાં શેષ-નારાયણ પર શયન કરતા શ્રી લક્ષ્મીનારાયણદેવ, શંકર-પાર્વતી એન સૂર્યનારાયણદેવની મૂર્તિઓ પણ દર્શન આપે છે. શ્રીરામ, લક્ષ્મણ અને જાનકીમાતાની શ્યામમૂર્તિઓ પણ પધરાવવામાં આવી છે. ઉદ્ધવાવતાર જગદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ આ મૂર્તિઓની પૂજા કરેલી છે. મહારાજે પણ આ ભગવાનની પૂજા કરેલી છે. આપણા સંપ્રદાયમાં શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના દર્શન બીજે ક્યાંય થતાં નથી એ દ્દષ્ટિએ પણ આ મૂર્તિઓનું માહાત્મ્ય અનેરું છે.



શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજી શ્રી જાનકીમાતા



શેષ-નારાયણ શ્રી લક્ષ્મીનારાયણદેવ



શ્રી વિઘ્નવિનાયદેવ



શ્રી શંકર પાર્વતી



શ્રી કષ્ટભંજનદેવ



શ્રી સૂર્યનારાયણદેવ


સુવર્ણકળશોથી શોભતું
નયન રમ્ય નૂતન મંદિર

શ્રીહરિની લીલા ન્યારી છે. વિસર્જન - સર્જનના કર્તા-હર્તા શ્રીહરિ જ છે. તા. ૨૬-૧-૨૦૦૧ ના આવેલા ગોજારા ભૂકંપમાં પાળેશ્વર ચોક પાસે આવેલ મંદિર એટલી હદે ક્ષતિગ્રસ્ત થયું કે પૂજન-અર્ચન તથા સત્સંગસભાઓ માટે પણ યોગ્ય ન રહ્યું. સૌ ચિંતિત થયા પણ શ્રીજી મહારાજે પ્રેરણા કરી અને તા. ૯-૪-૨૦૧૧ ના રોજ તત્કાલિન મહંતસ્વામી, સંતો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોની સામાન્યસભામાં નૂતન મંદિરના નિર્માણનો શુભસંકલ્પ થયો. હાલ જ્યાં નૂતન મંદિર છે તે જમીન પર ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણના સંકલ્પ સાથે ભૂમિપૂજન થયું.

ત્યારબાદ તા. ૮-૫-૨૦૦૩ ના સપરમા દિવસે શુભ સમયે શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક મંત્રોચ્ચાર સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ રીતે નિર્માણકાર્યનો મંગલ પ્રારંભ થયો. ત્યારથી લાગલગાટ સાત વર્ષ સુધી નિર્માણકાર્ય અવિરત ચાલુ રહ્યું. તા. ૧૫-૫-૨૦૧૦ થી તા. ૨૩-૫-૨૦૧૦ સુધી ધામધૂમઅને હર્ષોલ્લાસ સાથે નૂતન મંદિર મહોત્સવ ઉજવાયો. તા. ૧૮-૫-૨૦૧૦ ના નવનિર્મિત શ્વેત સંગેમરમરના ભવ્યાતિભવ્ય સંપ્રદાયમાં અજોડ એવા નૂતન મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક મંત્રોચ્ચાર સાથે ઠાકોરજીની મૂર્તિઓને બિરાજમાન કરવામાં આવી. ત્યારથી સમગ્ર વિશ્વને આ મૂર્તિઓ દર્શન આપી રહી છે અને દર્શનાર્થીઓ કૃતકૃત્ય થઈ અહોભાવ અનુભવી રહ્યા છે.



ભૂમિ પૂજન



ખાતમુહૂર્ત



# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ



ધામધૂમથી ઉજવાયો......

## શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી ઘનશ્યામ મહારાજનો શતાબ્દી મહોત્સવ

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિયુગે યુગે ॥

સત્‌પુરુષોનું રક્ષણ કરી, દુષ્ટકાર્યો કરનાર દુરાચારીઓનો નાશ કરી ધર્મનું સંસ્થાપન કરનાર જગદ્‌ગુરુ ભગવાન શ્રીકૃષ્ણ અર્ચાસ્વરૂપે ભુજ મંદિરમાં સુવર્ણ સિંહાસને બિરાજમાન છે. વિક્રમસંવત ૧૮૭૯ માં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી નરનારાયણદેવ પધરાવ્યા તે પછી સં. ૧૯૬૭, ચૈત્ર વદ ૭ ના દિવસે ૮૮ વર્ષ પછી મહંત સ.ગુ. પ્રથમપુરાણી ધર્મજીવનદાસજી તથા આચાર્ય શ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ વાસુદેવપ્રસાદજીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ અને નાના શ્રી ઘનશ્યામની પ્રતિષ્ઠા કરવામાં આવેલી. આ પ્રતિષ્ઠા અવસરને ૧૦૦ વર્ષ પૂરાં થતાં સં. ૨૦૬૭, ચૈત્ર વદ ૭, તા. ૨૪-૪-૧૧, રવિવારનો શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દી મહોત્સવ તા. ૧૮-૪-૧૧, સં. ૨૦૬૭ ના ચૈત્ર શુક્લ પૂનમ સોમવારથી તા. ૨૪-૪-૧૧, ચૈત્ર કૃષ્ણ સપ્તમી રવિવાર સુધી કથા સપ્તાહ પારાયણ તથા વિવિધ વિશેષ કાર્યક્રમો સાથે ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવ્યો.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે જ્યારે સં. ૧૯૬૭ માં શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા કરવાની તૈયારી થઈ ચૂકી હતી ત્યારે માંડવીમાં ચાલી રહેલા ચેપી રોગને કારણે પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં માંડવીના હરિભક્તો ન આવે તેવી રાજ તરફથી પ્રજાની સુખાકારીને ધ્યાનમાં રાખી અડચણ ઊભી થયેલી. શ્રીજી મહારાજે

તે સમયે સાં.યો. ધનબાઈ ફઈને દર્શન આપી તેમની મારફતે  મંદિરના તે સમયના મહંતસ્વામી પાસે અડચણ દૂર કરાવેલી. અંતર્યામી શ્રીજી મહારાજની પોતાના આશ્રિતો પ્રત્યેની આ છે દયા અને કૃપા ! આમ કૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની કચ્છી ભક્તોને ભેટ મળી.

## શતાબ્દી મહોત્સવના પડઘમ

તા. ૨૪-૪-૧૧ નો શતાબ્દી મહોત્સવ ઉજવવાની જાહેરાત પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના સભાસમક્ષ નિવેદન તેમજ વર્તમાનપત્રો, મંદિરના મુખપત્ર શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ વગેરે સાધનો મારફતે વહેતી થઈ ગઈ અને જોત-જોતામાં દેશ-વિદેશમાં શ્રીહરિના લાડીલા આશ્રિત સત્સંગિઓમાં હરખનાં પૂર વહી ચાલ્યાં. ત્યારે બીજી બાજુ ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરમાં શતાબ્દી મહોત્સવ દબદબા સાથે ભવ્ય રીતે ઉજવી સ્મરણીય બનાવવા માટેનાં પડઘમ વાગવા લાગ્યાં. સંતો, સાં.યો. બહેનો, સત્સંગી ભાઈ-બહેનો - યુવાનો પોતાના કાર્યક્ષેત્રની સેવામાં પૂ. મહંતસ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટીઓ આદિકની દેખરેખ અને માર્ગદર્શનમાં જોડાઈ ગયાં. સ્વયંસેવકો બહેનો ભાઈઓ ૫૪૦૦ ની સંખ્યામાં સેવાર્થે સામેલ થયા.

કાર્યક્રમના આયોજનમાં ભોજન અને રસોઈઘર બન્નેનું હંમેશાં પ્રથમ સ્થાન રહે છે. કહેવત છે કે તાવડી તેર વાનાં માંગે, પણ મંદિરના મહોત્સવોમાં એક તાવડી નહીં બલ્કે દૃષ્ટિગોચર થતા વિશાળ તાવડાઓએ આશ્ચર્યમાં સૌવને ગરકાવ કરી દીધા અને ભોજન કાર્યવાહીના નિષ્ણાત વયોવૃધ્ધ સંત સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજી ટંકે એક લાખ કે તે ઉપરાંત હરિભક્તો માટે ભોજન વ્યવસ્થા સુપેરે પાર પાડવાની ક્ષમતા ધરાવે છે. તેમણે આપણા આ રાધાકૃષ્ણદેવના મહોત્સવ માટે રસોઈયા  હરિભક્તોની ટીમસાથે સપ્તાહ દરમ્યાન ટંકે ત્રીસ-ચાલીસ હજારથી એક લાખ સુધીની સંખ્યાને આંબી જતી સંખ્યામાં હરિભક્તોને વિવિધ પકવાન, ફરસાણ, દાળ, ભાત, ખીચડી, કચુંબર આદિ ષડરસનો ચતુર્વિધ પ્રસાદ પીરસી હરિભક્તોને તૃપ્ત કર્યા હતા.

પકવાન વગેરેની આગોતરી તૈયારીમાં કચ્છના સાં.યો. બહેનો તથા લેવા પટેલ ચોવીસીના કર્મયોગી બહેનો વગેરે અગ્રેસર રહયા હતા. તથા અન્ય ખંડોમાં મર્યાદારક્ષક વાતાવરણમાં વાનગીઓ તૈયાર કરવામાં નિયમમાં ચુસ્ત રહી દરરોજ લગાતાર લાગી ગયાં અને ભોજનપ્રસાદ આરોગનાર લાખો ભક્તો, મહાનુભાવો પ્રશંસા કરતા થાકતા નહોતા.


સભામંડપનું આયોજન પણ દીર્ઘદૃષ્ટિ માગી લે છે. શ્રોતાઓની ઉપસ્થિતિની બાંધેલી અટકળ ખોટી ન ઠરે તેનો ખ્યાલ રાખી વિશાળ સભામંડપની રચના સંતોએ ઉત્સાહી હરિભક્ત સ્વયંસેવકોના સહયોગ સાથે કરી દીધી. મંદિરના









ઉત્તર પૂર્વ અને દક્ષિણ ભાગમાં લંબાયેલા સભામંડપને મીટરના માપથી નહીં પણ નજરે જોવાથી જ સમજાય એવી વિશાળતા અને સ્વરૂપમાં શોભતો સભામંડપ આકર્ષણનું કેન્દ્ર બન્યો. પ્રવેશદ્વાર, તોરણ, બગીચાનું સુશોભન, વાતાવરણમાં જળઅણુઓના છંટકાવથી શીતળતાનો અહેસાસ કરાવતી વ્યવસ્થાનું કાર્ય ઓછા સમયમાં વધુમાં વધુ સુંદર રીતે પાર પડ્યું. પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજજી, પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, પુ. સ્વામી ધર્મચરણદાસજી, પુ. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંતોએ સભામંડપ તૈયાર કરવામાં કાળજીભરી જહેમત ઉઠાવેલી.

## જ્યોતિ કલશ છલકે !

વીજળીના શણગાર મંદિર, મંદિરમાર્ગ, ગેટ અને હમીરસરથી મંગલમ્ ચાર રસ્તા સુધી રંગબેરંગી રોશનીનો શણગાર રાતને શોભા આપતો હતો. મંદિરની અંદર બહાર, ઘુમટો, શિખરો, ધ્વજદંડ દરેકને ઝળકાવતો હતો. મંદિરો અને દીવાલો રોશનીથી રંગાયા હોય અથવા રોશનીથી મઢ્યાં હોય તેવી શોભા વ્યક્ત કરતાં હતાં.

પ્રસાદી મંદિરને પણ લાઈટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું હતું. ભુજ મંદિરના વીજળી નિષ્ણાત સંત સ્વામી નરનારાયણપ્રસાદદાસજી તથા સ્વામી નરનારાયણપ્રિયદાસજી આદિ સંતોએ એ પોતાની કળા બખૂબી પોતાના મદદનીશ સંતો ભક્તોના સહકારમાં પ્રદર્શિત કરી હતી. રોશનીનો પ્રવાહ બાઈઓના મંદિર સુધી રેલાયો હતો. બહેનોના મંદિરને પણ રોશનીના વાઘા સજાવી ભવ્ય આકર્ષણભર્યું બનાવી દીધી હતું. ઉતારાની વ્યવસ્થા - બહારથી આવનાર હરિભક્તોમાં કુટુંબના અથવા ગ્રુપમાં આવતા હરિભક્તો કેટલી સંખ્યામાં છે, ઉંમર કે પછી તબિયતને કારણે શારીરિક નબળાઈ ધરાવનારને તકલીફ ન પડે, ચડઉતર કરવી ન પડે જેવી બીજી અનેક બાબતો ધ્યાનમાં લેવી પડે છે. મંદિરના આ બાબતમાં નિષ્ણાંત સંતો શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા સ્વામી દેવજીવનદાસજી આદિ સંતો તેમજ હરિભક્તોએ બહારથી પધારતા દર્શનાર્થીઓને સુચારુ વ્યવસ્થા આપવામાં કોઈ ખામી આવવા દીધી નહીં.

સભામંડપમાં કથામંચની ગોઠવણી દાદ માગી લે છે. ઠાકોરજીના સિંહાસનની શ્રોતાઓ દર્શન કરી શકે તેવી ગોઠવણ, પૂ. મહંતસ્વામી, વરિષ્ઠ સંતો સહિત નાના-મોટા સંતો, પૂ. આચાર્ય મહારાજશ્રી, કથાના વક્તા શાસ્ત્રીઓની વ્યાસગાદી, સંગીતકારો એ સૌને માટે યોગ્ય રીતે યોગ્ય પ્રમાણમાં ગોઠવણ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકોએ યથાયોગ્ય પાર પાડી.


આ સાથે પાર્કીંગ, યજ્ઞ મહોત્સવ, યજ્ઞશાળા, અભિષેક, અન્નકૂટ ઉપરાંત નાનાં-મોટાં કામોની વ્યવસ્થા સંતો હરિભક્તોએ સંભાળી પાર પાડી.

# શતાબ્દી સમારંભની પૂર્વ સંધ્યાએ















કથા સપ્તાહની શરૂઆતની પૂર્વસંધ્યા સુધીમાં શતાબ્દી મહોત્સવ સમારંભની તૈયારીઓ થઈ ચૂકી. પૂર્વ સંધ્યાએ તા. ૧૭-૪-૧૧ ના દિવસે નીચેના બે કાર્યક્રમોએ મહોત્સવના આગમનની છડી પોકારી.

હરિભક્તોના રસોડાનો પ્રારંભ : સાંજે ૪:૦૦ વાગતાં મહંત સ.ગુ.પુ. સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીના શુભ હસ્તે ઠાકોરજીના પૂજન અને આરતી પછી હરિભક્તોના રસોડાનો પ્રારંભ કરવામાં આવ્યો. ઠાકોરજીને થાળ ધરાવી આરતી ઉતારવામાં આવી અને હરિભક્તોને ભોજનપ્રસાદ પીરસવામાં આવ્યો. આ પ્રસંગે રસોડાના સંચાલક સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત તથા સંતો ઉપસ્થિત રહ્યા હતા.

# શતાબ્દી પ્રારંભની અદ્‌ભુત પોથીયાત્રા









તા. ૧૭-૪-૧૧ ના સાંજના ૪:૩૦ વાગતાં પોથીયાત્રાના કાર્યક્રમનું આયોજન થયું. કથાપારાયણના મુખ્ય યજમાન મેઘજીભાઈ નાથા હીરાણીના નિવાસસ્થાન (નરનારાયણદેવનગર) થી પોથીયાત્રાનું પ્રયાણ થયું. પ.પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતોએ પોથીપૂજન કર્યા બાદ શ્રી નરનારાયણદેવનો જયકારનાદ, બેન્ટપાર્ટીના સંગીતની સુરાવલિ સાથે આનંદઉત્સાહનું વાતાવરણ પોથીયાત્રાનું સાક્ષી બન્યું. આ સમયે માધાપર તથા સુખપર ગામની ૨ મંડળી સાથે વિશાળ સંખ્યામાં હરિભક્ત ભાઈ-બહેનો ઉપસ્થિત રહી પોથીયાત્રામાં જોડાયા હતા. શતાબ્દી મહોત્સવના દક્ષાબેન અને સવિતાબેન યજમાન બહેનોએ શ્રીમદ્‌ ભાગવતની પોથીઓને આદર સાથે મસ્તકે ધારણ કરી હતી. કીર્તન મંડળીઓએ કરતાલ અને તબલાંના તાલે કીર્તનોની ઝડી વરસાવી હતી. નૃત્ય દ્વારા પ્રભુ ભક્તિના ભાવ પ્રદર્શિત કરતા રસીયાઓએ લટકાદાર નૃત્યથી ખુશીમાં ઉમેરો કર્યો હતો. પોથીયાત્રા મંદિરના મુખ્ય પ્રવેશમાં પ્રવેશ કર્યો

ત્યારે હાજર રહેલ જનમેદનીમાંથી 'શ્રી રાધાકૃષ્ણદેવની જય' ગજવતાં સૂત્રો પોકારવામાં આવ્યાં. તે પછી મહોત્સવના સભામંડપના પ્રવેશદ્વાર આગળ ભાઈઓએ બહેનો પાસેથી પવિત્ર પોથી સ્વીકારી લીધી હતી અને મંચ ઉપર પધરાવી હતી. જ્યાં પોથીનું શ્રધ્ધાપૂર્વક વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું અને પોથીયાત્રામાં ઉપસ્થિત ભક્તસમુદાયને પ.પૂ. શ્રીહરિદાસજી સ્વામી તથા સ.ગુ. મહંતસ્વામીએ સમગ્ર યજમાન સહિત ભક્તોને ભલામણ સાથે પ્રસંગોચિત પ્રવચના કર્યા હતાં.

## શાસ્ત્ર - પોથી આપણા પથદર્શક



यः शास्त्रविधिमृत्सृज्य वर्तते कामकारतः ।
न सः सिध्धिमवाप्नोति न सुखं न परांगतिम् ॥

શાસ્ત્રમાં બતાવેલા માર્ગને છોડીને જે મનુષ્ય સ્વચ્છન્દ રીતે વર્તન કરે છે, વ્યવહાર કરે છે, એનું કોઈપણ કાર્ય સિધ્ધિ થતું નથી. એને સુખ પ્રાપ્ત થતું નથી. એની ગતિ કે પ્રગતિ થતી નથી. સમાજને શિસ્તમાં રાખનાર સાહિત્ય એ છે શાસ્ત્ર. આ સૃષ્ટિના સર્જનની સાથે જ આપણને શાસ્ત્રો પ્રાપ્ત થયેલા છે. સૌ પ્રથમ આપણને વેદો પ્રાપ્ત થયેલા છે.

વેદો અપૌરૂષેય છે. માનવ લિખિત નથી. વેદનો અર્થ જ્ઞાન થાય છે. આ આપણું પ્રથમશાસ્ત્ર. ત્યારપછી સમયના વહેણ સાથે બદલાતી પરિસ્થિતિ અનુસાર બદલાતી સમાજ વ્યવસ્થાની સાથે વેદને કેન્દ્રમાં રાખી વેદ આધારિત જુદા-જુદા શાસ્ત્રો આવ્યા. જેમકે બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, સ્મૃતિઓ, ધર્મશાસ્ત્રો, પુરાણો, ઈતિહાસ, ષડ્દર્શન વગેરે અનેક વિષયો, વિભાગોને આપણે શાસ્ત્રો તરીકે ઓળખીએ છીએ. આપણા શાસ્ત્રો આત્મા પરમાત્માને અનુલક્ષીને આધ્યાત્મિક શાસ્ત્રો વિપુલ પ્રમાણમાં છે.



જીવન જીવવાની કળા શિખવનાર ભૌતિક જ્ઞાન આપના શાસ્ત્રો છે. વિશ્વમાં એવો કોઈપણ વિષય નથી જે અંગેનું માર્ગદર્શન શાસ્ત્રમાં ન હોય. વિશ્વની એવી કોઈપણ સમસ્યા નથી જેનું સમાધાન શાસ્ત્રોમાં ન હોય !

આપણા ઋષિઓ, મુનિઓ, મહર્ષિઓ એકત્ર થતા શાસ્ત્રાર્થ કરતા. એ દ્વારા સિધ્ધાંતોનો નિર્ણય થતો ત્યારપછી ચિંતન, મનન અને વ્યવહારમાં જે નિર્ણયો સફળ રહ્યા તેને શાસ્ત્રનું સ્વરૂપ આપવામાં આવ્યું. ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો આ પ્રસ્થાનત્રયી તરીકે ઓળખવામાં આવેલ છે.

આપણો દેશ વિશ્વના ગુરુસ્થાને હતો. આપણા ત્યાગી, તપસ્વી તથા શાસ્ત્રપરાયણ ઋષિઓ, સાધુ-સંતો પાસેથી જ વિશ્વનાં લોકો જ્ઞાન, માર્ગદર્શન મેળવતા. મોક્ષ સુધી ગતિ કરાવનાર શાસ્ત્રો માનવમુક્તિ માટેની નાવ સમાન છે. ભારતીય સંસ્કૃતિમાં માનવનું અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ કરવી તે છે. શાસ્ત્ર પ્રમાણે જીવન જીવનાર માનવી સુખ અને શાંતિનો અનુભવ કરે છે. ભિન્ન ભિન્ન માર્ગમાં અટવાતા માનવીને સચોટ માર્ગદર્શન શાસ્ત્ર આપી શકે છે. ગીતામાં પણ કહ્યું છે. કે **तस्मात् शास्त्रं प्रमाणं** । કાર્ય અને અકાર્યનો વિવેક માત્ર શાસ્ત્ર બતાવી શકે છે. શાસ્ત્રથી જ ઈશ્વરના સ્વરૂપને સમજી શકાય છે.



જેને નિશ્ચિત કરેલા સ્થાને પહોંચવું હોય તો વાહન દ્વારા પહોંચી શકાય છે પણ તે વાહન જો પશુ સંભાળતું હોય તો લગામજોઈએ. યંત્ર સંચાલિત હોય તો

બ્રેક જોઈએ. લગામ અથવા બ્રેક વગર સલામત રીતે જવાના સ્થાન પર પહોંચી શકાય નહીં. એવી રીતે માનવીને પણ પોતાના લક્ષ્ય સ્થળે પહોંચવા માટે, એટલેકે મુક્તિના માર્ગે મોક્ષ મેળવવા શાસ્ત્રોની અનિવાર્ય આવશ્યકતા રહેલી છે. સંક્ષેપમાં શાસ્ત્ર લગામ તરીકે છે. શાસ્ત્ર બ્રેક છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શાસ્ત્રો વિષે જણાવતાં કહેલું છે કે સમગ્ર શાસ્ત્રો ધર્મજ્ઞાનમાં હેતુરૂપ હોવાથી અને તે શાસ્ત્રો ઘણા હોવાથી તેમાં જે પોતાને ઈષ્ટ છે તે ત્રણ શ્લોકો દ્વારા કહે છે. ઋગ્વેદ વગેરે ચાર તે વેદ શબ્દથી કહેવાય છે. વ્યાસસૂત્ર, શ્રીમદ્ ભાગવત પુરાણ અને મહાભારતમાં શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ, શ્રી ભગવદ્ગીતા, વિદુરે કહેલી નીતિ અને સ્કંદપુરાણના વૈષ્ણવખંડમાં રહેલું વાસુદેવ માહાત્મ્ય, ધર્મશાસ્ત્રમાં ગણાવેલી યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્રો અમને ઈષ્ટ છે. (સંમત છે) એમ જાણવું. શ્રીજી મહારાજે જણાવેલ છે કે પોતાના હિતને ઈચ્છતા અમારા સર્વ શિષ્યોએ એ આઠ સત્શાસ્ત્રો સાંભળવા અને અમારા આશ્રિત દ્વિજોએ તે શાસ્ત્રો ભણવા અને બીજાને ઉપદેશ કરવો. કથા કરવી.

આમ શ્રીજી મહારાજની આજ્ઞાથી આપણા સંપ્રદાયના સંતો, મુમુક્ષુઓના મોક્ષાર્થે તેમજ પ્રભુની પ્રસન્નતાર્થે આવા શાસ્ત્રો આધારિત કથા પારાયણો યોજી હરિભક્તોમાં ભક્તિભાવ સુદૃઢ કરે છે. આવા પારાયણો જે ગ્રંથ દ્વારા કરવામાં આવે છે તેને આપણે પોથી કહીએ છીએ. આ પોથીના પઠન દ્વારા વિદ્વાન વક્તાઓ કથારસનું અમૃતપાન કરાવતા હોય છે. જેનું શ્રવણ કરનારનું જીવન પ્રભુ પરાયણ થઈ જાય છે.

## શતાબ્દી મહોત્સવ કથા શુભારંભ

તા. ૧૮-૪-૧૧ની સવાર શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા પારાયણનો પ્રારંભ લઈને આવી પહોંચી. કથાના વક્તા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી કથા સપ્તાહના પ્રથમ દિવસના પ્રથમ સત્રની આજની કથાની શરૂઆત કરે તે પહેલાં મંદિરના ગોર મહારાજ મહેશભાઈએ ગણેશસ્થાપનની શાસ્ત્રવિધિ યજમાનો પાસે કરાવી. પોથીપૂજન, વક્તાપૂજન વગેરેનો દોર ચાલ્યો. સભાપતિ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સભાસંચાલનનો દોર સંભાળ્યો અને કાર્યવાહીની ઝલક માઈક ઉપર ક્રમબધ્ધ રજૂ કરતા રહ્યા. યજમાન પરિવારોએ સમૂહમાં આરતી ઉતારી. આરતીના કીર્તનને પુ. સ્વામી અક્ષરમુક્તદાસજી, પુ. સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, વિદ્યાર્થી નિર્ભયચરણદાસજી તેમજ સ્વામી દેવનંદનદાસજી આદિ સંગીતકાર સંતોએ સંગીતનો ઓપ આપી તેમાંથી નિતરતા ભક્તિભાવના ઝરણાને રસભોગ્ય બનાવ્યું. તે સાથે સભા સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી સભા સંચાલનની કાર્યવાહીમાં જોડાયા.



સંગીતકાર સંતોએ મંગલશ્લોકાવલિના મધુરગાનથી વાતાવરણને પ્રાસાદિક બનાવ્યું. ધૂન અને કીર્તનની પ્રસ્તુતિ થતાં કથાશ્રવણ ઉત્સુક હરિભક્તો એકાગ્રચિત્ત બન્યા.



















સપ્તાહ કથાનો પ્રથમ દિવસ છતાં કથામંડપ પાંત્રીસથી ચાલીસ હજાર જેટલા હરિભક્તોની હાજરીથી ખીચોખીચ બની ગયો હતો.

કથાવક્તા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પરમાત્માની ભાવભરી સ્તુતિ અને જયકારનાદ ગજાવી ભગવાન શ્રીકૃષ્ણનાં લીલાચરિત્રોથી ભરપૂર, ભગવાનના નિર્ગુણ સ્વરૂપને ઓળખાવનાર, બ્રહ્મમય બનાવનાર શ્રીમદ્ ભાગવતની અમૃતરસઝર કથાનો પ્રારંભ કર્યો. શાન્ત, ધીરગંભીર પ્રાસાદિક અને અર્થભરી નક્કર વાણીમાં કથાશ્રવણનું ફળ બતાવ્યું, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી વિવેકની વૃધ્ધિ, માયાના બંધનમાંથી મુક્તિ, કળિયુગમાં આસુરી જીવોને દૈવી બનાવવા વગેરે.

ભાગવતનું માહાત્મ્ય સમજાવતાં કળિયુગમાં ભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની ભક્તોમાં સ્થાપના સાથે, ''શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે'' ની ધુન સાથે ભાગવત માહાત્મ્યની સમાપ્તિ સાથે કથાને વિરામ આપ્યો.









'તું રંગાઈ જા ને રંગમાં,
સ્વામિનારાયણના સત્સંગમાં'

ઉપરોક્ત પંક્તિઓ સાર્થક કરવા આવા અવસરો પ્રાપ્ત થતા હોય છે. કથાશ્રવણ કરતાં કરતાં વ્યાસપીઠ પરથી વક્તાની વાણી વહેતી થાય તેને કર્ણપટ પર ઝીલીને ઉરમાં ઉતારી લેવાનો આ અવસર છે. સત્સંગના રંગે રંગાવા માટે શ્વાસે શ્વાસમાં સત્સંગની સુગંધનો દરિયો ભરી લેવાનો આ અવસર છે. અન્ય જળાશયોનાં નીર સુકાઈ જાય પરંતુ સમુદ્રનાં પાણી ક્યારેય સુકાતા નથી. તેથી શ્વાસમાં સત્સંગનો દરિયો ભર્યો હોય તો જીવનપર્યંત સત્સંગ છૂટતો નથી અને સંતોના વચનમાં રહી શ્રીજી મહારાજ સાથે પૂર્ણ શ્રધ્ધાથી સમર્પિતભાવ સાથે જોડાયેલા રહીએ છીએ. હૃદયમાં ભક્તિની ભીનાશ રહે છે અને સત્સંગની સુગંધથી જીવન મહેકતું રહે છે.








# વિશ્વયુવા

કથાને વિરામઆપ્યા પછી શા. સ્વામી દેવચરણદાસજીએ યુવા સંમેલનની માહિતી આપી સંમેલનનું સંચાલન કર્યું. પ્રસંગની શરૂઆતમાં દેશ-વિદેશથી પધારેલ કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું. સંચાલક સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ ઉત્સવના યજમાનો તથા દેશ-વિદેશના કાર્યકર્તાઓનો પરિચય કરાવ્યો. પૂ. મહંતસ્વામી પાસેથી દરેકને બિલ્લાથી સજ્જ કર્યા. ફૂલહાર પહેરાવી સ્વાગત કર્યું.

ત્યારપછી આકર્ષણ જગાવી યાદગાર સ્થાન પામી ગયો એવો દીપ પ્રાગટ્ય મહોત્સવ રજુ થયો. શ્વેત પોષાકમાં ૫૦ યુવાનોએ મંચ ઉપર સ્થાન લીધું. એક તરફ ૫૦ યુવાન સંતોએ સ્થાન લીધું. રંગબેરંગી પોષાક અને મસ્તકે ગોપી ચંદનના પ્રતિક સમી પીળા રંગની "સમર કેપ" તડકા ટોપીમાં સજ્જ ૧૦૦ દીપમશાલધારી કથાના યજમાનો તેમજ દેશ વિદેશના અગ્રણી દાતાઓ અને સત્સંગીઓ અને ભુજ મંદિરના ટ્રસ્ટીઓ સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રતિક એવા ઉર્ધ્વપુણ્ડ્ર તિલક આકારમાં મંચ સમક્ષ ગોઠવાઈ ગયા હતા. તેમની વચ્ચે ચાંદલારૂપે પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત, સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી વગેરે શોભી રહ્યા.

યુવા સંમેલનના આ કાર્યક્રમની સાથે સ.ગુ. બ્રહ્મચારી સ્વામી











# સત્સંગ સંમેલન



વાસુદેવાનંદજીએ રચેલ ભગવાનના દશાવતારનું વર્ણન કરતું સંસ્કૃત અષ્ટપદી કાવ્ય સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીએ વૃન્દમાં શાસ્ત્રીય શાસ્ત્ર સંગીતમાં ગાઈને સહુને ખુશ કરી દીધા હતા. આ સાથે ૧૦૦ સંતો યુવકોએ મળી સંસ્કૃતાષ્ટકનું સમૂહ ગાયન કરી મહારાજની પ્રાર્થના ગાઈ હતી. તે પછી સંસ્કૃત સ્તોત્રોની સીડીનું વિમોચન પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ કર્યું હતું. યુવા સંમેલનને સંબોધતાં સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ આપી દરેકે એક-એક વૃક્ષ વાવવાની સૂચના આપી હતી.

પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ રાધાકૃષ્ણદેવની પધરામણી ભુજ મંદિરે કેવી રીતે થઈ તેની વિગત સમજાવી હતી.

સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, પાર્ષદ ખીમજી ભગત તથા અન્ય સંતોએ દેશમાં તથા પરદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી ભુજ મંદિરે આવી દીક્ષાગ્રહણ કરી છે અને ગુજરાતી, સંસ્કૃત અભ્યાસ કરી સેવા કરે છે તેની નામાવલિ સંચાલક સ્વામી દેવચરણદાસજીએ રજૂ કરી હતી.

આજે ભગવાન સ્વામિનારાયણના કુળદેવ હનુમાનજીની જયંતી હોવાથી 'હનુમાન ચાલીસા' નું ગાન સંગીત સાથે કરવામાં આવ્યું હતું.

# આધ્યાત્મિક અભિગમ


આધુનિક સમયમાં સમાજની તાસીર અને તસ્વીર બન્ને બદલાઈ રહી છે. વિચારોમાં ગતિશીલ પરિવર્તન આવતું જાય છે. ત્યારે બદલાતી વિચારસરણી વચ્ચે પણ ભુજ મંદિરના સંતો પ્રાચીન પરંપરાઓનું જતન કરવામાં ક્યારેય પણ ઊણા ઉતર્યા નથી. ધાર્મિક પ્રસંગોએ એવા અદ્દ્ભુત અને અદ્વિતીય કાર્યક્રમો સંતો દ્વારા આપવામાં આવે છે કે સૌ જોતા જ રહી જાય છે અને સંતોની સૂઝબૂઝ તેમજ આધ્યાત્મિક અભિગમથી પ્રભાવિત થયા વગર રહેવાતું નથી. આવો જ એક કાર્યક્રમ'શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ' ના પ્રથમ દિવસે વિશ્વ યુવા સત્સંગ સંમેલન સમયે યુવક મંડળના સંતોના માર્ગદર્શન હેઠળ યોજાયો.

આ મહોત્સવ માણવા પધારેલા હરિભક્તો પૈકી વિદેશથી પધારેલા હરિભક્તો, વિદેશમાં સ્થિત આપણા મંદિરોના હોદ્દેદારો-ટ્રસ્ટીઓ, ભુજના તેમજ કચ્છના અગ્રગણ્ય ભક્તો, ભુજ મંદિરના વર્તમાન તેમજ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ, ભુજ મંદિરમાં વિવિધ વિભાગોમાં સેવારત હરિભક્તો એમ મળીને કુલ્લ એક સો હરિભક્તોને સ્ટેજ પર આહૂત કરવામાં આવ્યા. સદૈવ વંદનીય પ્રાતઃસ્મરણીય સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે સૌનું આદર સત્કાર સાથે સ્વાગત કરાયું, બિલ્લાઓ અર્પણ કરાયા અને ફૂલહારથી સન્માનિત કરાયા બાદ સૌને સ્ટેજની આગળ તિલક આકારે (ઊર્ધ્વપુંડ્ર આકારે) બિરાજમાન કરાયા. ઉત્સવની આગવી ઓળખ સમી પીળા રંગની 'સમર કેપ' પહેરાવવામાં આવી. જાણે ભાલ પર કેસર-ચંદનયુક્ત તિલક કર્યું હોય તેવા દૃશ્યનું નિર્માણ થયું. તિલકની વચ્ચે ભગવાં વસ્ત્રધારી વડીલ સંતો અને પ.પૂ. મહંતસ્વામી બિરાજમાન થયા તે સાથે ચાંદલાનું નિર્માણ થયું. ચંદનથી કરેલા તિલકની વચ્ચે ચાંદલાનું નિર્માણ થયું અને આપણા સંપ્રદાયની આગવી ઓળખ સમાન તિલક ચાંદલો બની ગયા ! કેવો અદ્દ્ભુત વિચાર તેમજ કેવી ભવ્ય રજૂઆત!

હિન્દુધર્મના દરેક સંપ્રદાયની આગવી ઓળખ વિવિધ પ્રકારના તેના તિલક-ચાંદલા છે. બુધ્ધિના કેન્દ્રસ્થાન એવા કપાળ પર તીર્થસ્થાનની પવિત્ર માટી તેમજ ઠાકોરજીની પ્રસાદીના ચંદનના મિશ્રણથી તૈયાર કરેલા ગોપીચંદનનો ઉપયોગ તિલક કરવામાં થાય છે અને તેની વચ્ચે ચાંદલો કરવાની આજ્ઞા શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કરી છે. ઊર્ધ્વપુંડ્ર તિલક-ચાંદલો આપણા સંપ્રદાયની આગવી ઓળખ છે. તિલક-ચાંદલો કરેલી બે પરિચિત કે અપરિચિત વ્યક્તિ જ્યારે એકબીજાને જોવે છે ત્યારે આ આગવી ઓળખને કારણે આત્મીયતાની અનુભૂતિ સાથે અંતરમાં ઉમળકાના ભાવ સાથે અને હૈયામાં હર્ષ સાથે સહજપણે 'જય શ્રી સ્વામિનારાયણ' કહીને એકબીજાનું અભિવાદન કરે છે. આ છે વિશ્વબંધુત્વનો ભાવ ઉત્પન્ન કરવાની તિલક-ચાંદલાની અસર ! તિલક શ્રીહરિના ચરણારવિંદનું પ્રતીક છે અને ચાંદલો લક્ષ્મીનું પ્રતીક છે. ભાલમાં તિલક-ચાંદલો કરનારને બુધ્ધિ હંમેશાં ભગવાન તરફ દોરી જાય છે, બુદ્ધિસ્થાન વિષે હંમેશાં ભગવાનનું ચિંતવન રહે છે, સદ્દવિચારોનું પ્રાગટ્ય થાય છે. હરિભક્તોનાં સદૈવ હિતચિંતક આપણા સંતોએ આ અનોખા કાર્યક્રમ દ્વારા અદ્દ્ભુત ભાવ વ્યક્ત કર્યો !

વાત માત્ર આટલેથી અટકતી નથી. સંતોના આધ્યાત્મિક અભિગમની અભિવ્યક્તિની અસરકારક અનેરી વાત તો હવે આવે છે. તિલક-ચાંદલા આકારે બેઠેલા સૌ હરિભક્તો તેમજ સંતોના હાથમાં મશાલ આપવામાં આવી. મશાલમાં જ્યોત પ્રગટાવવા દીવેટ ગોઠવવામાં આવી હતી. આ બધી મશાલોને એક સાથે પ્રગટાવવામાં આવી તેમજ હાથ ઊંચા કરીને ઊંચે આકાશ તરફ ઉઠાવવામાંઆવી. સ્ટેજ પરથી સભાસંચાલક સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા સ્વામી દેવચરણદાસજીએ બુલંદ અવાજે શ્રી રાધાકૃષ્ણદેવના જયજયકાર સાથે ઘોષણા કરી કે ભુજ મંદિરના પ્રાંગણમાં સૂર્યની સાક્ષીએ આ ધર્મજ્યોત પ્રજ્વલિત કરવામાં આવી છે. જે સૂર્યના કિરણો સાથે ભળી જઈને સમગ્ર વિશ્વમાં ખૂણે ખૂણામાં ધર્મનું તેજ ફેલાવી અજ્ઞાનતા અને અંધશ્રધ્ધાના તિમિરને દૂર કરી, ધર્મ અને સત્સંગનો માર્ગ પ્રકાશિત કરશે. જીવાત્માઓનું કલ્યાણ થશે અને મુમુક્ષુઓને મોક્ષ માર્ગે જવાની પ્રેરણા પ્રાપ્ત થશે. સંપ્રદાયના ગૌરવચિહ્ન દ્વારા આવા આધ્યાત્મિક વિચારો પ્રદર્શિત કરતા સંતોને લાખ-લાખ વંદન છે.

# રાષ્ટ્રભક્તિ-યુવાનોની શક્તિ



વિશ્વ યુવા સત્સંગ સંમેલનના મંગલ પ્રારંભ સમયે મોટી સંખ્યામાં સંતો અને હજારોની સંખ્યામાં ઉપસ્થિત થનગનતા યુવકોએ એક આહ્‌લાદક અને પ્રેરક વાતાવરણનું નિર્માણ કર્યું હતું. સ્ટેજ પરની બેઠક વ્યવસ્થા પણ આગવી સૂઝ સાથેની દિશાસૂચક હતી. ધાર્મિક કાર્યક્રમ અંતઃગત યોજાએલા વિશ્વ યુવા સત્સંગ સંમેલનમાં રાષ્ટ્રીય ભાવનાની ઝલક જોવા મળી.

સ્ટેજ પર એક બાજુ ધર્મધજાના નેજા હેઠળ સત્સંગની પ્રવૃત્તિઓ દ્વારા સુદૃઢ સદાચારી સમાજના નિર્માણના સંકલ્પના સાફલ્યની પ્રાપ્તિ અર્થે સર્જનાત્મક અભિગમ ધરાવતા ભગવા (કેસરી) વસ્ત્રધારી સદૈવ વંદનીય સંતો બિરાજમાન હતા. તો સ્ટેજની બીજી બાજુ વાણીમાં વિવેક અને વ્યવહારમાં વિનય ધરાવતા, સત્સંગી હોવાની ખુમારીના તેજથી ચમકતી આંખોવાળા સફેદ વસ્ત્રધારી યુવકો હતા. શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ સમયે પર્યાવરણપ્રેમી આ સંતો અને યુવકોએ લાખોની સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરી, તેને કાળજીપૂર્વક ઉછેરીને ધરતીમાતાને લીલારંગની ચાદર પહેરાવી દીધી છે. આ સંમેલનમાં પણ સંતોએ વૃક્ષો વાવી તેને પોતાના સંતાનો સમજીને ઉછેરવાની અપીલ કરી જેથી દેશમાં હરિયાળી ક્રાંતિ આવે. ગ્લોબલ વર્મિંગથી સમગ્ર વિપૂવ ચિંતિત છે સંતોની આ વિનંતીને આદેશ માનીને હરિભક્તોએ વૃક્ષો વાવવાનાં અને તેને જતનપૂર્વક ઉછેરવાના સંકલ્પો કર્યા હતા.



આપણા રાષ્ટ્રધ્વજમાં ભગવો (કેસરી), સફેદ અને લીલો એમ ત્રણ રંગ છે. અહીં પણ આ ત્રણેય રંગની વાત આવી ! પવિત્રતાના પ્રતીકરૂપ ભગવા વસ્ત્રધારી માર્ગદર્શક સંતો, નિર્મળતાના દ્યોતક તેમજ શાંતિનો સંદેશ આપતા સફેદ રંગના વસ્ત્રોમાં શોભતા યુવાનો અને સંતો તેમજ યુવકોના પરિશ્રમના પરિપાક સમા લહેરાતા લીલાછમ વૃક્ષોની હરિયાળી ! ત્રણેય રંગો દ્વારા રાષ્ટ્રપ્રેમનો સંદેશો વહેતો થયો અને ઉપસ્થિત સૌ ભારતવાસીઓનાં મસ્તક ગર્વથી ઉન્નત થયાં.

ભુજ મંદિર ધાર્મિક બાબતો સાથે રાષ્ટ્રપ્રેમને પણ એટલું જ મહત્ત્વ આપે છે એ વાતની પ્રતિતી આ પ્રસંગથી થાય છે.

ધન્ય છે આપણા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ યુવકોને અને કોટિ કોટિ વંદન છે આ યુવક મંડળના પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક સંતોને, આવા યુવકો અને સંતો જ આપણા સંપ્રદાયની અણમોલ મૂડી છે.



# ભાગવત સત્સંગ સરિતાના તટે

કથા વિરામ અને ભોજનપ્રસાદ આરામના અવકાશ પછી બપોરના ૩:૩૦ વાગતાં સભાસંચાલક શા. સ્વામી દેવચરણદાસજીએ કથાશ્રવણ ઉત્સુક ભક્તોને સાવધ કર્યા. પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સમુદ્રનાં મોજાં જેમ ઘુઘવતી પરંતુ કર્ણપ્રિય વાણીમાં કથા સરિતાને વહેતી મુકી અને કથા સાથે જીવનને સ્પર્શતી વિગતો શ્રોતાઓનાં અંતર સુધી પહોંચાડી, પોતાના ગુણ દોષ અને ભક્તિભાવને ઢંઢોળી જોવા પ્રેરણા આપી. પરમાત્માના સત્યસ્વરૂપની વાત સાથે શિક્ષાપત્રીમાં સમાવિષ્ટ શ્રીકૃષ્ણના અન્ય સ્વરૂપને સમજવા નિર્દેશ કર્યો. ભક્તિ અને સંતના મહત્ત્વને સ્પષ્ટ કર્યું. સત્તર પુરાણો રચ્યા પછી શ્રીમદ્ ભાગવત પુરાણ લખવાનું પ્રયોજન, આજના કળિયુગી શિક્ષણની તરૂણો પર વિપરિત અસર સામે સાવધ રહેવા અને તરુણોએ મા-બાપ પ્રત્યેના વર્તન ફરજને સમજવા ચીમકી આપી.

કાર્યક્રમ દરમ્યાન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૭૫% ઉપર હાજરીવાળા યુવાનોને પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. જાદવજી ભગત આદિ સંતોને હસ્તે ઘડિયાળ, કી-ચેઈન વગેરે ભેટ આપવામાં આવ્યાં. પ.ભ. વાલજીભાઈ કરશન હીરાણી શિબિરો વગેરે કાર્યક્રમોની માહિતી આપવામાં આવી. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ સાથે સભાને સંબોધી. યુવકોને પ્રોત્સાહિત કરનાર પ.ભ. પરબતભાઈ ભીમજી સીયાણી તથા પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા તથા દેવશીભાઈ જેઠા વગેરે.

સેવા આપનાર ભક્તોનું ફૂલમાળા સાથે સન્માન કરી પૂ. મહંતસ્વામીએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે યુવક મંડળના સભ્યોને તથા કાયને જોઈ આનંદ થાય છે. યુવક મંડળનો ૭ વર્ષનો ઈતિહાસ-સત્સંગવૃધ્ધિ, દેશ-પરદેશ સર્વત્ર મોટી સંખ્યામાં સભ્યો કામ કરી રહ્યા છે તે સામે ખુશી બતાવી. સંતો ખાસ કરીને નાના સંતોનો અભ્યાસ, દેશ વિદેશના હરિભક્તોએ આપણા કુટુંબોમાંથી વિદ્વાન સંતો થતા રહે છે તે માટે ગૌરવ લેવા ભલામણ કરી. પૂ. વાસુદેવપ્રસાદજી મહારાજે સં. ૧૯૬૭માં પધરાવેલા રાધાકૃષ્ણદેવના મહાત્મ્યની વાતો કરી. વિષયભોગ છોડી સત્સંગમાં રહેવા બદલ ધન્યવાદ આપી વારસદારો આપને અનુસરશે એવા વક્તવ્ય સાથે આશીર્વાદ આપ્યા હતા.

## તા. ૧૯-૪-૧૧, મંગળવાર

કથાના બીજા દિવસે સવારના સત્રમાં પૂજનવિધિના કાર્યક્રમ પછી કથાના વક્તા પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ કથાનું મંગલાચરણ કર્યું. વક્તા સ્વામીજીએ ઉત્તેજના વગરની ધીરગંભીર વાણીની એક સરખી શાન્તધારામાં વહાવેલી કથાને શ્રોતાઓએ સાવધાનપણે સાંભળી.

રાજદંડ, રાજમુગુટ ધારણ કરનાર ધર્મનિષ્ઠ રાજામાં પણ કેવા વિકાર ઉદ્‌ભવે છે, બુધ્ધિ દુષિત થાય છે તેનું વર્ણન પરિક્ષિત રાજાના પ્રસંગોથી સમજાવ્યું.

ધૃતરાષ્ટ્ર અને વિદુરજીના પ્રસંગમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને તેમનો દુર્યોધન પ્રત્યેનો પક્ષપાત, પાંડવોને અન્યાય, દુર્યોધનના દુષ્ટકર્મો, શકુનિ, દુઃશાસન વગેરે દુરાચારીઓની સોબત, કરેલાં કર્મોના બદલા ભોગવવા પડે છે વગેરે નીતિની વાતો સ્પષ્ટપણે કહી.

વિદુરજી અને ઉદ્ધવજીના મિલન સમયે યદુકુળના નાશની શ્રીકૃષ્ણ ભગવાનના સ્વધામગમનની વાત જાણી ઉદ્ધવજી રૂદન કરે છે. વિદુરજી પણ રૂદન કરે છે. શ્રીકૃષ્ણના સંદેશ પ્રમાણે વિદુરજી મૈત્રેયજી પાસે અને ઉદ્ધવજી બદ્રિકાશ્રમમાં તપ કરવા જાય છે. વિશેષમાં બ્રહ્માંડોની ઉત્પત્તિ, માંડવ્ય ઋષિની કથા, કપિલ ભગવાનનો જન્મ વગેરે પ્રસંગોનું ક્રમશઃ વર્ણન કર્યું હતું.

ત્યારબાદ વિલ્સડન મંદિરના પ્રમુખ મનજીભાઈ શિવજીનું ફૂલહારથી સન્માન કરી શ્રી નરનારાયણદેવની મૂર્તિ ભેટ આપવામાં આવી. પૂ. મહંતસ્વામી સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પૂ. જાદવજી ભગત ઉપસ્થિત રહ્યા. શ્રી મનજીભાઈએ સભાને સંબોધન કરતાં આવા મોટા ઉત્સવનો લાભ મળ્યો તેને પોતાનું સદ્‌ભાગ્ય હોવાનું જણાવ્યું હતું.





સવારના સત્રની કથા વિરામ, ભોજન અને ઠાકોરજીના દર્શન પછી બપોર પછીની કથાનો પ્રારંભ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ પોતાની લાક્ષણિક ઢબે શ્રીહરિની મંગલસ્તુતિ સાથે કર્યો હતો. શ્રી નરનારાયણદેવનો જન્મોત્સવ દેવોએ ઉલ્લાસથી મનાવ્યો. પુષ્પ હિંડોળે ભગવાનને ઝૂલાવ્યા તેનું દર્શન કરાવ્યું. કુંચી રાક્ષસનો નાશ કર્યો તેની કથા વિસ્તારથી સમજાવી. દક્ષ પ્રજાપતિએ કરેલો યજ્ઞ, શિવજીનું અપમાન, દક્ષના યજ્ઞનો નાશ, કથા શ્રવણમાં મનન અને ચિંતનની શ્રીહરિનાં દર્શન અનુભવવામાં અગત્યતા સમજાવી. ધ્રુવજીની કથાની સમાજ માટે ઉપયોગીતા જણાવી વિસ્તારપૂર્વક પ્રસંગોની રજૂઆત કરી ભગવદ્‌ભક્તિ, કુટુંબ પ્રેમ, સંપ વગેરે કુટુંબ અને સમાજની શાન્તિ તેમજ પ્રગતિ માટે અગત્યનાં હોવાની સમજ આપી. ધ્રુવજીનો ગૃહત્યાગ, તપ, ભગવદ્‌પ્રાપ્તિ, આકાશમાં ધ્રુવસ્થાન, રાજ્યમાં સન્માન, રાજગાદીની પ્રાપ્તિ વગેરે પ્રસંગોથી શ્રોતાઓના અંતઃકરણને જ્ઞાન સાથે આનંદદાયી બનાવ્યા.

શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સત્સંગની સરખામણી ગુલાબજાંબુ સાથે કરી વિનોદનો અનુભવ કરાવ્યો અને કાર્યક્રમો પહેરામણી વગેરેની વિગત આપી.

# શ્રીહરિ સંગે રમીએ રાસ











રાત્રે ૯:૦૦ વાગતાં યોજવામાં આવેલ રાસોત્સવ કાર્યક્રમમાં સંતો સહિત યુવાનો મન મુકીને ઝૂમ્યા અને દર્શકોને ઝૂમાવી ખુશખુશાલ કર્યા. ભાઈઓનો કાર્યક્રમ ભાઈઓના મંદિરના ચોકમાં ગોઠવાયો તે સાથે બહેનોનો કાર્યક્રમ બહેનોના મંદિરમાં સાં.યો. બહેનો સાથે કચ્છનાં સાં.યો. બહેનોનાં મહંત સામબાઈ ફઈના આયોજન અને માર્ગદર્શન સાથે ઉજવાયો.

## તા. ૨૦-૪-૧૧, બુધવાર

સવારના સત્રમાં પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ભરતરાજાની કથા સંભળાવી મંગલકથાનું શ્રવણ કરાવ્યું. ભરતરાજાએ પ્રજાના સુખ માટે યજ્ઞો કરાવ્યા. ભરતના જીવનને ત્રિવિધ સ્વરૂપમાં સમજાવ્યું. રાજા તરીકે પ્રજાનું કલ્યાણ કર્તા. પિતા ઋષભદેવે પુત્ર ભરતની ચિંતા રાખી ઋષિ પરંપરા લુપ્ત ન થાય તે માટે રાજસત્તા ભરતને સોંપી દીધી હતી. વનમાં જઈ વૈરાગ્યમય તપસ્વી જીવન ગાળતા ભરતનું બીજું સ્વરૂપ અને જડભરતરૂપ પરમજ્ઞાની અવધૂત સ્વરૂપ. પોતાને મૂર્ખ ગણનારને તે કહેતા- 'હું મૂર્ખ નહીં મૂર્ખરાજ છું. મૂર્ખોઽસ્મિમૂર્ખરાજોઽહમ્'. મોહનું બંધન પુનર્જન્મને અવકાશ આપે છે. તે બોધ પણ ભરત પાસેથી મળે છે અને એ જ ભરતે નહૂષને આત્મજ્ઞાન કરાવી અભિમાનને નષ્ટ કર્યું. કથા વિરામ પહેલાં પાપ પ્રમાણે ભોગવવાનાં જમપુરીના વિવિધ નરકોનું વર્ણન કરી શ્રોતાઓને 'કિં કર્તવ્યં ન કર્તવ્યમ્' નો બોધ આપ્યો.

બપોર પછીની કથાનો દોર પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ સંભાળ્યો. વિદ્યા વિવાદ માટે નહીં પણ જ્ઞાન માટે છે, ધન અભિમાનમાં ગરક થવા માટે નહીં પણ દાન માટે છે. શક્તિ બીજા લોકોને પીડવા માટે નહીં પણ અન્યનું રક્ષણ કરવા માટે છે. ઈન્દ્રને ભોગવવું પડેલ અભિમાનનું કપરું ફળ આ બોધદાયક વચનોથી સમજાવ્યું. એ જ સંદર્ભમાં વૃત્રાસુરના નાશની વાર્તા સંભળાવી પરોપકાર કરી જનસુખાર્થે મહર્ષિ દધીચિએ આપેલ દેહદાનની અદ્‌ભુત કથા સંભળાવી. ચિત્રકેતુ રાજાને પુત્રે આપેલા બોધની વાર્તા કરતાં 'કા મે જનની કો મે તાતઃ' નો મર્મ સમજાવી મમત્ત્વથી મુક્ત રહેવા સમજ આપી. પાર્વતીદેવીના શાપથી અસુર થયેલ ચિત્રકેતુ ભક્તિથી ભગવાનને પ્રસન્ન કરી મોક્ષનો અધિકારી બને છે.

ત્યારપછી ભક્ત પ્રહ્‌લાદની પ્રસિદ્ધ કથા, નરસિંહ ભગવાનનો અવતાર અને હિરણ્યકશિપુના વધની વાત કરી કથાનો મર્મ સમજાવ્યો. 'ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો' ધુનમાં ભક્તો ડોલી ઉઠ્યા અને નાચ્યા.

કવિ કહે છે, "મહુવર બોલે ને મણિધર ડોલે, ન ડોલે તો સર્પને તોલે"

આજના પ્રસંગે કથામાં ઉપસ્થિત જિલ્લા કોંગ્રેસના વી. કે. હુંબલ, નગરપાલિકાના વિરોધપક્ષના અગ્રણી રાજેન્દ્રસિંહ જાડેજા, રાજેન્દ્રભાઈ ત્રિવેદી વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. 'સત્સંગિજીવન' અંતર્ગત 'ધર્મામૃત એવં નિષ્કામશુધ્ધિ' નું વિમોચન પૂ. મહંતસ્વામીએ પૂ. જાદવજી ભગત અને સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.



રાત્રે ૯:૦૦ વાગ્યે રજૂ થયેલો 'ભક્તિ સંગીત સંધ્યા' નો કાર્યક્રમ પ્રેક્ષકવર્ગને વિશિષ્ટ આનંદ આપનાર નીવડ્યો. જેમાં વિદ્યાર્થી સંતો નંદ સંતોના કીર્તનો સાથે ભક્તોને સત્સંગ મય બનાવ્યા હતા.









## તા. ૨૧-૪-૧૧, ગુરુવાર

સવારના સમયમાં શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શતરૂપાના પતિ મનુ મહારાજ વનમાં ગયા એ પ્રસંગથી કથાને આગળ ચલાવી અને ગજેન્દ્રમોક્ષની કથા દ્વારા મોહરૂપી મગરમચ્છની ચૂડમાંથી બચવા ભગવાનની ભક્તિના શરણ સાધનનું સ્મરણ કરાવ્યું.

સમુદ્રમંથનની પ્રસિધ્ધ કથામાં વારૂણિનો નશો અને રૂપવતીનો નશો વિનાશને સર્જે છે એ બોધદાયક મર્મને સ્પષ્ટ કરી સમુદ્રમાંથી મેળવેલ રત્નોની વહેંચણી, અમૃત પીવા દેવોની વચ્ચે બેસી ગયેલા અસુરનો શિરચ્છેદ, મહાદેવે કરેલ વિષપાન ઈત્યાદિ પ્રસંગોની રજૂઆતમાં શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા.

વામન ભગવાનના અવતારની કથા સમજાવી બલિ રાજાના દરવાજે દ્વારપાલ થયેલા ભગવાન હંમેશાં ભક્તની ભક્તિને વશ છે તેવી સ્પષ્ટતા કરી.

શ્રવણની માતૃપિતૃભક્તિની વાત કરતાં શ્રવણ તલાવડીએ દશરથ રાજાએ હરણ હોવાનું માની શબ્દવેધી બાણ મારી શ્રવણનું મૃત્યુ નીપજાવ્યું એ ઘટનાની હૃદય પીગળાવતી કરૂણ ગાથા શ્રવણનાં મા-બાપે દશરથને આપેલા શાપ સાથે સંભળાવી.

બપોરના ૧૨ ના ટકોરે ભગવાન રામચંદ્રજીના જન્મોત્સવની ઉજવણી બાદ કથાને વિરામ આપવામાં આવ્યો હતો.

બપોરના કથા સત્રની શરૂઆતમાં કથાના વક્તા પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પારિવારિક પ્રેમમાં પ્રવેશ પામેલ નબળાઈઓ તરફ શ્રોતાઓનું ધ્યાન દોર્યું હતું. રામકથાના આદર્શ એ આપણા સમાજ અને પરિવારજીવનના આદર્શ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ એ જ આદર્શ શિક્ષાપત્રીમાં દોહરાવી પારિવારિક જીવનને સ્વચ્છ રાખવા આદેશ આપ્યો છે. ભ્રાતૃપ્રેમ, દાંપત્ય પ્રેમ રામકથાનો આદર્શ છે, અને વૃધ્ધોની, વડીલોની અને માત-પિતાની સેવાની આજ્ઞા શ્રીહરિએ કરેલી છે.

ભગવાન રામનાં લીલાચરિત્રોનું વર્ણન કરતાં વશિષ્ઠ ગુરુ પાસે અભ્યાસ, રામ અને લક્ષ્મણે વિશ્વામિત્રની સાથે જઈ તાડકાનો કરેલ વધ, રામના રાજ્યાભિષેકની તૈયારીઓ, રામનું ૧૪ વર્ષના વનવાસ માટે લક્ષ્મણ અને સીતા સાથે પ્રયાણ પંચવટીમાં નિવાસ અને મારિચ સહિત અસુરોનો સંહાર કરી ઋષિઓના યજ્ઞકાર્યનો માર્ગ નિર્વિઘ્ન કર્યો વગેરે કથાપ્રસંગોનું યથોચિત વર્ણન કરી શ્રોતાભક્તોની ઉત્સુકતા પૂર્ણ કરી.

સીતાનું રાવણે કરેલું અપહરણ, સીતાની હનુમાનદાદાએ કરેલી ભાળ અને લંકાદહન, ભગવાન રામચંદ્રજીને હાથે રાવણનો મોક્ષ વગેરે પ્રસિધ્ધ કથાને સ્વતંત્રપણે બોધવચનો સાથે આહ્લાદક બનાવી.

વનવાસકાળ પૂર્ણ થતાં અયોધ્યા આગમન, પ્રજાજનોએ કરેલું ઉત્સવ સાથે ભવ્ય સન્માન, રામનો રાજગાદીએ અભિષેક અને પ્રજાને આપેલાં સુખ વગેરે પ્રસંગો પછી ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ગામ ફોટડીના હાલ નૈરોબી વસતા



પ.ભ. શ્રી ભીમજીભાઈ હરજીભાઈ ભુડીયા દ્વારા ધામધૂમથી ઉજવાયો હતો.

બાળ કનૈયાનું પિતા વસુદેવજી દ્વારા ગોકુલગમન અને વસુદેવજીના મિત્ર નંદરાજાને ત્યાં યશોદા માતા પાસે સારસંભાળ ભર્યો ઉછેર માટે સોંપણી. નંદરાયને આંગણે ભવ્ય ઉત્સવ. આ ઉત્સવને કથામંડપમાં મંચ આગળ ગોપબાળકોના નૃત્ય અને દાંડીયા રાસરૂપે રજૂ કરવામાં આવ્યો હતો.

સંગીત સાથે છંદકીર્તનોની રમઝટ, તાલબધ્ધ નૃત્ય, યુવાનો કિશોરો સાથે સંતોએ રંગ જમાવ્યો. અજબ મસ્તીમાં જામેલા નૃત્ય પ્રસંગે પ્રભુને સુવર્ણ પારણીયામાં ઝૂલાવતા યજમાન સ્વરૂપ નંદરાજા ઉપર પુષ્પવૃષ્ટિ, સંતોએ મંચ ઉપરથી રાસના ખેલીઓ ઉપર વર્ષાવેલાં ફૂલ ! જાણે સ્વર્ગમાંથી પુષ્પોનો વરસાદ વરસ્યો !

"હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી" ના સંગીતસહ નાદ સાથે રાસનૃત્યની ગતિ ચરમસીમાએ પહોંચતાં ગંભીર ભક્તો પણ ઝૂમી ઉઠ્યા. સંતો સાથે ભક્તો પણ રાસનૃત્યમાં જોડાઈ ગયા અને એક-એક સંત એક-એક ભક્તના વર્તુળ સાથે બીજું વર્તુળ રચી ઉમંગથી નાચી ઉઠ્યા ! ઝૂમી ઉઠ્યા ! વાહ ! વાહ ! અસીમ જુસ્સાદાર ભક્તો ! પ્રભુ પ્રત્યેના પ્રેમની અદ્‌ભુત અભિવ્યક્તિ ! નૃત્યની સમાપ્તિ કરાવવી ઘડીભર મુશ્કેલ બની ગઈ !

આજના પ્રસંગમાં વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અગ્રણી અને પ્રખર વક્તા આચાર્ય ધર્મેન્દ્રજી મહારાજ ઉપસ્થિત રહ્યા. તેમનું સન્માન કરી મહંત સ્વામીએ ભુજ મંદિરના પ્રતીક સાથે ભગવાનની મૂર્તિ ભેટ આપી. ધર્મેન્દ્રજીએ હિન્દુ સંસ્કૃતિનું ગૌરવ 'ભારત માતા'માં દેશ પ્રત્યે રહેલો પૂજયભાવ, ચોટી (શિખા), યજ્ઞોપવિત, તીલક ચાંદલો વગેરેનું મહત્ત્વ, બહેનોને ચાંદલાની પરંપરાનું સન્માન કરવા ભલામણ, આચાર વિચાર, પવિત્ર અને અપવિત્ર વસ્તુઓનો વિવેક રાખવા વગેરે વિગતો સમજાવતું ઉદ્‌બોધન કર્યું હતું અને છેલ્લે ભગવાન સ્વામિનારાયણના આદેશને પાલન કરવા ઉપર ભાર મૂકયો હતો.

પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી આજની કથામાં ઉપસ્થિત રહ્યા હતા. પૂ. મહંત સ્વામીએ તેમનું મંચ ઉપર સન્માન કર્યું હતું.





મંદિરની શોભામાં ચાર ચાંદ લગાવતા વિશાળ ઝુમરોનું સ્વીચ દબાવી અર્પણ કરતા પરમપૂજ્ય મહંત સ્વામી તથા યજમાન પ.ભ. હિતેશભાઈ ભુડીયા-કેરા.

# હરિભજનની હેલી મનવા....

રાત્રે ૯ વાગતાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં ધવલ સોની, ઋષભ આહિર અને સાથીદારોનો ડાયરો રંગ લાવ્યો. ડાયરાએ ભક્તિભાવભર્યા વિવિધ રંગોથી હરિભક્તોને રંગભર્યા આનંદમાં લીન કર્યા હતા અને સૌએ ડાયરાની મજા મનભરીને લૂંટી હતી.







## :: यज्ञो वै विष्णुः। યજ્ઞ દ્વારા વિષ્ણુભક્તિ ::

### તા. ૨૨-૪-૧૧, શુક્રવાર

સવારે ૮:૩૦ વાગતાં વિષ્ણુયાગની શરૂઆત કરવામાં આવી હતી. પંચકુંડી વિષ્ણુયાગના આચાર્યપદે શાસ્ત્રી ગુલાશંકરભાઈએ વિદ્વાન પંડિત ભૂદેવોને યજ્ઞમાં કથાસ્થાને વરણી કરી. શાસ્ત્રવિધિને અનુસરતો કાર્યક્રમ ચાલુ કર્યો. દરેક યજ્ઞકુંડ પર યજમાનોએ મંત્ર સાથે આહુતિ આપી અને અગ્નિદેવે સર્વે દેવોને હવિષ્યાન્ન પહોંચાડ્યું. દર્શનાર્થી હરિભક્તો યજ્ઞનારાયણદેવના દર્શન કરીને કૃતાર્થ થયા. યજ્ઞનો ક્રમ તા. ૨૨ થી ૨૪ સુધી ચાલુ રહ્યો.

કથામંડપમાં પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ નંદરાજાએ ગોકુલમાં લાલાનો જન્મોત્સવ ઉજવાયો તેનું રમણીય વર્ણન કર્યું. તે પછી કંસની પ્રેરેલી દેવાંગના સમું રૂપ ધરી કનૈયાના પ્રાણ લેવા આવેલી પૂતનાના પ્રાણ તેના સ્તન પર લગાડેલા કાતિલ ઝેર સહિત ચૂસી લીધા. તેની કથા સંભાળાવી. તે પછી ભગવાનની બાળ લીલાઓ, શંખાસુર, શકટાસુર, તૃણાવર્ત વગેરે અસુરોનો નાશ, યશોદા માતાને મુખમાં બ્રહ્માંડના દર્શન, ગોપાલ બાલમિત્રોની મંડળી જમાવી ગોપીઓનાં ઘરોમાં જઈ દહીં, દૂધ, માખણ ચોરી લઈ જયાફત ઉડાડવી વગેરે લીલાઓની કથાનું શ્રવણ કરાવી સૌને સંતુષ્ટ કર્યા.

ભગવાને સૌને અચંબામાં મૂકી દે એવી લીલા પોતાને પરણાવી પોતાના માટે વહુ લાવવાની હઠાગ્રહભરી માગણી કરી. જશોદા માતાને કન્યા શોધવી પડી અને બરસાના ગામમાં જઈ કલાવતી પાસે તેની પુત્રી રાધાનું કનૈયા માટે માગું કર્યું. તે સમયનો જશોદામાતા અને કલાવતી વચ્ચેનો રમુજી સંવાદ સ્વામીજીએ રમુજી

શૈલીમાં જ રજૂ કરી શ્રોતાઓને પણ રમુજ કરાવી.

બપોર પછીની કથામાં શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ મિત્ર થઈને આવેલા પ્રલંબાસુરને બલરામપાસે મરાવ્યો, દાવાનળનું પાન, ગોપીઆનાં ચીરહરણ, એકાદશી વ્રતનું મહાત્મ્ય વગેરે વિષયો કથામાં સાંકળી લીધા હતા.

દરેક પ્રસંગને વ્યક્તિ, પરિવાર અને સમાજ સાથે સાંકળી શ્રોતાઓને આત્મનિરીક્ષણ કરાવી, લેવા જેવો બોધ ગ્રહણ કરવા ટકોર કરી. ફલાહારી એકાદશી કરી થોકબંધ વાનગીઓ આરોગી કરવામાં આવતી એકાદશીવ્રતની ઠેકડી બરાબર કરી કહેવાય.

શ્રીકૃષ્ણે શરદઋતુ અને શરદપૂનમની ચાંદની રેલાવતી રાત્રે બંસરીના સૂર છેડ્યા. ગોપીઓ ઘરોઘરથી દોડી આવી. પ્રાણેશ્વર કૃષ્ણનું દર્શન ન થતાં ઉદાસ થઈ યમુના કિનારે બેસી રૂદન કરવા લાગી. પ્રેમની તાલાવેલી કનૈયાના પ્રેમકોમળ હૃદયને સ્પર્શી ગઈ અને ગોપીઓને દર્શન આપી રાસલીલાનો આનંદ આપ્યો.

''એક એક ગોપી એક એક કહાન રાસ રમે છે શ્રી ભગવાન'' કીર્તનના તાલે ઉત્સાહિત ભક્તજનો અને સંતોએ પણ મંચ ઉપર બિરાજતા કનૈયા સમક્ષ સભામંડપમાં અદ્‌ભુત રાસ જમાવ્યો. જેમાં 'એક એક સંત એક એક હરિભક્ત રાસ રમી પ્રભુને રાજી કર્યા' તન-મનનું ભાન ભૂલી ઝૂમ્યા, નાચ્યા અને આનંદના ઓઘ વાળ્યા ! સહુએ રાસના ખેલૈયાઓને અહો ! અહો ! અદ્‌ભૂત ! ઉદ્‌ગારોથી નવાજ્યા.



















# શોભા સલૂણી

**તા. ૨૩-૪-૧૧, શનિવાર**

પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કથાનો પ્રારંભ કરી શ્રીજી મહારાજે સ્વહસ્તે છ મંદિરો જેમાં પોતાનાં જ સ્વરૂપ એવા દેવોની સ્થાપના કરી છે, તેમાં ભુજ મંદિરની ખાસ વિશેષતા બતાવતાં જણાવ્યું કે એ છ મંદિરો પૈકી માત્ર ભુજ મંદિરમાં જ રાધાકૃષ્ણદેવની સાથે ભગવાન શ્રી રામચંદ્રજીનું દરરોજ પૂજન થાય છે. કથાની સાથોસાથ ઠાકોરજી તથા પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રાનું આયોજન થયું.

**શોભાયાત્રા :** ઠાકોરજી તથા અમદાવાદ ગાદીના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય દબદબાપૂર્વક નીકળેલી શોભાયાત્રાનાં દર્શનનો હજારો હરિભક્તો તથા નગરજનોને લાભ મળ્યો.

ઘુમટધજાથી અને પુષ્પમાળાઓનાં રંગબેરંગી ફૂલોથી શોભતા રથમંદિરમાં સુવર્ણની પાલખીમાં બિરાજતા ઠાકોરજીનાં દર્શન માટે નગરી, શેરીઓ અને માર્ગો ભાવિક નરનારીઓથી સુશોભિત બન્યા હતા. ઠાકોરજીના દર્શન કરતાં ધન્યતા અનુભવતા ફૂલોથી પ્રભુને વધાવી ભક્તિભાવની અભિવ્યક્તિ કરી સૌ કોઈ પ્રસન્નતા અનુભવતા હતા.

બીજા સુશોભિત અલંકૃત કરેલા રથમાં પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ સાથે પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત આદિ સંતમંડળ બિરાજમાન હતું. બેન્ડપાર્ટી અને ચોવીસીની કીર્તન મંડળીઓએ શોભાયાત્રાની ભવ્યતા અને દબદબાને ભારે ઓપ આપ્યો. એની સાથે યુવક મંડળના સ્વગણવેશધારી સભ્યો, સમાજના લાલ પાઘડીથી પોતાની ઓળખ રજૂ કરતા વિશિષ્ટ મહાનુભાવો, રંગ ભર્યા મસ્ત ઉત્સાહમાં નૃત્યથી આકર્ષણ જમાવતા આનંદનો રંગ રેલાવતા નાના-મોટા ભાવિકો અને હજારોની સંખ્યામાં સામેલ નરનારીઓ શોભાયાત્રાની પ્રતિભામાં અંગરૂપ બની ગયા હતા. ૧૦:૩૦ વાગતાં શોભાયાત્રા મંદિરે પહોંચી આવતાં શ્રીહરિને સભામંડપમાં તેડી લાવ્યા અને મંચ ઉપર બિરાજમાન કર્યા હતા.



દરમ્યાન કથા પ્રવાહમાં વક્તા સ્વામીશ્રીએ ગોપ બાળકોએ

ઉજવેલું શિવરાત્રીનું વ્રત, અંગિરા ઋષિના શાપથી અજગર યોનિને પામેલા વિદ્યાધરનું ભગવાને પગના અંગુઠાના સ્પર્શથી બદલી નાખેલું રૂપ, ગોપીઓ સાથે વનવિહાર, શંખાસુર અને વૃષાસુરનો નાશ, સાથે બોધવચનો અને ભુજ મંદિરની પરંપરા તથા અનોખા દરબારની રીત સમજવા જણાવી, માર્મિક વાત કરી કે નિર્મળ નીર મુકી ગંદા નાલામાં નહાવું એ પોતની મેળે જ અપવિત્ર થવા જેવું છે.



દુષ્ટ કંસ રાજાનું મોત પોકારતું હતું અને તેણે 'ધનુર્યાગ' ના રમતોત્સવને બહાને શ્રીકૃષ્ણની હત્યા કરવા અક્રુરજીને મોકલી શ્રીકૃષ્ણ પરમાત્માને મથુરા તેડાવ્યા. પ્રભુએ ગોપમિત્રો સહિત પધારી કંસના અભિમાની ધોબીનો ઘાટ ઘડી નાખ્યો. મદોન્મત હાથી ને મલ્લોને હણી નાખ્યા અને મામા કંસને તેના દેવકીજીની ગળચી પકડવાના દુષ્ટ કૃત્યને યાદ કરાવી ગળચી પકડી મેદાનમાં ફંગોળ્યો.



આ પ્રસંગે ૧૦:૪૫ ના સમયે પૂ. આચાર્ય મહારાજશ્રી પૂ. લાલજી મહારાજ સહિત, સંતો પોતાના છડીદાર, છત્રધરનાર સેવક અનુચરગણ વગેરે રસાલા સાથે સભામંડપમાં પધારતાં હજારો ભક્તજનોએ ઊભા થઈ સન્માન કર્યું હતું. આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રી કથાના વક્તા સ્વામીજીને ફૂલહાર પહેરાવી વંદન કરી સભાને દર્શન આપી પૂ. લાલજી મહારાજ સાથે સિંહાસને બિરાજ્યા અને પૂ. મહંતસ્વામી પૂ. આચાર્ય મહારાજશ્રીને ફૂલહારથી સન્માની જોડે બિરાજમાન થયા.





ત્યારપછી કથાના વક્તા પુ. કૃષ્ણસ્વરૂપદાસજીએ કથાની વિગતમાં શ્રીકૃષ્ણ પ્રભુએ કંસની છાતી ઉપર ચઢી બેસી મુષ્ટિકા પ્રહારથી તેના રામરમાડી દીધાના પ્રસંગનું વર્ણન કર્યુ. ત્યારપછી માતપિતાની જેલમાંથી મુક્તિ, મથુરાની સન્નારીઓએ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર દૂધ દહીં વરસાવી સામૈયાં કર્યા, ભગવાને અક્રુરજીને ગોપીઓને ધીરજ આપવા ગોકુળ મોકલ્યા અને કુબ્જાના આનંદ માણવાના મનોરથ પૂરા કર્યા વગેરે દશમસ્કંધની કથા કહી.



આ પ્રસંગે આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રીનું મંદિર તરફથી વિશેષ સન્માન કરી પૂ. મહંતસ્વામી તથા વરિષ્ઠ સંતોએ ફૂલહાર ધારણ કરાવ્યા. ત્યારપછી પૂ. આચાર્ય મહારાજશ્રીએ દેશપરદેશના સંપ્રદાય સમાજના માનનીય આગેવાન હરિભક્તોને ફૂલહાર પહેરાવી આશીર્વાદ આપ્યા. બહેનોએ તૈયાર કરેલ ફૂલની વિશેષમાળા, પૂ. મહંતસ્વામીએ પૂ. આચાર્ય મહારાજને પહેરાવી હતા.







# સત્સંગ શિખરે ધર્મધ્વજા ફરફરે

ત્યારપછીના ખાસ પ્રસંગમાં પ્રસાદીના મંદિર ઉપરના શિખરના ધ્વજદંડ તથા કળશનું યજ્ઞમંડપમાં પૂ. આચાર્ય મહારાજને હસ્તે પૂજન કરવામાં આવ્યું અને બપોરના બાર વાગતાં ધ્વજકળશનું પ્રસાદીના મંદિરે કોડી વિભાગમાં યજમાનો દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂજન કર્યા પછી ત્રણે મંદિરોના શિખર ઉપર ધ્વજદંડ તથા કળશ પ્રસ્થાપિત કરવામાં આવ્યા.

ગામ માધાપર (હાલે કાર્ડિફ) ના પ.હ.ભ. પ્રકાશભાઈ સુવર્ણ નિર્મિત પુષ્પ લઈ આવેલ તે પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. શ્રીહરિજીવનદાસજી સ્વામીને હસ્તે ભગવાનને અર્પણ કરવામાં આવ્યું.


બપોર પછીની કથામાં પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ જરાસંધના આક્રમણની અને શ્રીકૃષ્ણ ભગવાને સમુદ્રની વચમાં જેમાં કોઈ પ્રવેશ ન કરી શકે તેવી નગરી વિશ્વકર્મા પાસે તૈયાર કરાવી. એ નગરી દ્વારકા નામથી પ્રસિધ્ધ થઈ. જરાસંધ સામેના યુધ્ધમાં આકાશમાંથી ઉતરેલા બે દૈવી રથમાં બેસી શ્રીકૃષ્ણ અને બલરામે જરાસંધનો પડકાર ઝીલી લઈ તેને ૧૭ વખત હરાવ્યો. તેની મદદે આવેલા કાળયવનને પોતાની પાછળ ગિરનાર ઉપર તપ કરતા મુચકંદ રાજા સુધી દોડાવ્યો. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને કરેલી યુક્તિથી મુચકંદ રાજાની દૃષ્ટિ કાળયવન ઉપર પડતાં કાળયવન બળીને ભસ્મ થઈ ગયો, જ્યારે જરાસંઘને ભીમસેને મહાભારતના યુધ્ધમાં હણી નાખ્યો.

ત્યારપછી વક્તા સ્વામીએ રૂક્ષ્મણીહરણની અતિ ખ્યાત, રમણીય અને સમાજદષ્ટિએ સમજવા જેવી કથા સુંદર રીતે વિસ્તારપૂર્વક અથેતિ સંભળાવી. રૂક્ષ્મણીનું હરણ કરી રથમાં વિદાય થયેલા શ્રીકૃષ્ણની પાછળ પડેલા રૂક્મૈયાને પોતાના



પ્રસાદી મંદિરના શ્રી રાધાકૃષ્ણદેવના
શિખરના દાતા પ.ભ. શ્રી સ્વામિનારાયણ
મંદિર - ગોડપર સમસ્ત હરિભક્તો

પ્રસાદી મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવની
ધ્વજા-કળશના યજમાન
પ.ભ.શ્રી મેઘજીભાઈ કરશનભાઈ વરસાણી
સામત્રા, હાલે નૈરોબી



પ્રસાદી મંદિરના નરનારાયણદેવના
શિખરના દાતા પ.ભ.શ્રી હિરજીભાઈ
અરજણ ભુડીયા - ગોડપર

પ્રસાદી મંદિરમાં શ્રી નરનારાણદેવની ધ્વજા-
કળશના યજમાન પ.ભ.શ્રી કરસનભાઈ
મનજીભાઈ હિરાણી સપરિવાર
રામપર વેકરા,હાલ ગાંધીધામ



પ્રસાદી મંદિરના શ્રી ઘનશ્યામ
મહારાજના શિખર, કળશ, ધ્વજાના
દાતા પ.ભ. શ્રી વાલજીભાઈ
કરશનભાઈ જીયાણી
બળદીયા હા. નૈરોબી

ભાઈ પ્રત્યેની લાગણીથી ભગવાન પાસેથી બચાવ્યો. ભગવાને તેને જીવતો જવા દીધો. પરંતુ તેને અર્ધમૂછીયો અને અર્ધમુંડીયો કરી વિકૃત બનાવી તેના ચિત્તની વિકૃતિ પ્રદર્શિત કરી પછી છોડ્યો.

ત્યારપછી સત્રજીત અને સ્યમન્તકમણીની ગાથા સંભળાવી જામ્બુવતી, સત્યભામા વગેરે મળીને અષ્ટપટરાણીઓની વિગતો જણાવી. મહાભારતના યુધ્ધમાં શિશુપાલ વધ, કૌરવોનો સંહાર થયો તે પછી યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞની ચર્ચા



શ્રી ઘનશ્યામ મહારાજની ધ્વજાનો ઊંચો આંક આપનાર દાતા પ.ભ.શ્રી વાલજીભાઈ કલ્યાણભાઈ ભુડીયા - ફોટડી (હાલ નૈરોબી)



શ્રી નરનારાયણદેવની ધ્વજાનો ઊંચો આંક આપનાર દાતા પ.ભ. શ્રી કાનજીભાઈ ધરમશીભાઈ આરેઠિયા, ખીમજીભાઈ ધરમશીભાઈ, ભચુભાઈ ધરમશીભાઈ તથા આરેઠીયા પરિવાર-રાપર હાલ મુંબઈ



શ્રી રાધાકૃષ્ણદેવની ધ્વજાનો ઊંચો આંક આપનાર દાતા પ.ભ.શ્રી કાનજીભાઈ નારાયણભાઈ હાલાઈ-મેઘપર (હા. એલ્ડોરેડ)

કરી. બપોર પછી ૫:૧૫ ના સમયે પૂ. આચાર્ય મહારાજશ્રી તથા શ્રી લાલજી મહારાજ સભામાં પધાર્યા અને સમૈયામાં સેવા આપનાર સંતોનું તથા હરિભક્તોનું આચાર્ય મહારાજશ્રીને હસ્તે ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું.

પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ લાલજી મહારાજશ્રીને ફૂલમાળા પહેરાવી સન્માન કર્યું.

આ પ્રસંગે સભામાં પધારેલ મહાનુભાવો નર્મદા નિગમના ડાયરેકટર શ્રી મુકેશભાઈ ઝવેરીનું તથા ભાડાના ચેરમેન શ્રી કિરીટભાઈ સોમપુરાનું આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહંતસ્વામીએ ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.



શ્રી ઘનશ્યામ મહારાજ - પ્રસાદી મંદિર - ભુજ



પ્રસાદી મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજને પ.ભ. શ્રી પ્રકાશભાઈ
સુવર્ણ પુષ્પ અર્પણ કરી રહ્યા છે ગામ માધાપરના હાલ : કાર્ડીફ વેલ્સ



મંત્રપોથી સ્મૃતિ અર્થે શ્રીહરિનાં ચરણારવિંદના દાતા પ.ભ.શ્રી વિશ્રામભાઈ
લાલજીભાઈ ગોપાલભાઈ પીંડોરીયા - માધાપર હાલ પર્થ, ઓસ્ટ્રેલિયા



# માનવ સેવા એ જ પ્રભુ સેવા

ભુજ સ્વામિનારાયણ મંદિર ધાર્મિક પ્રવૃત્તિ ઉપરાંત માનવ કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તે પૈકી જનસમાજના આરોગ્ય કલ્યાણની મેડીકલ પ્રવૃત્તિમાં મંદિરે રૂા. ૪ કરોડનો ચેક માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરમાં એમ.આર.આઈ. ઉપકરણ વસાવવા માટે પૂ. મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. મહંતસ્વામી તથા ટ્રસ્ટીશ્રીઓને હસ્તે આપવામાં આવ્યો. જે કચ્છી લેવા પટેલ સમાજના અગ્રણી આર. એચ. હીરાણીએ સમાજના તથા એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટના આગેવાનોની ઉપસ્થિતિમાં સ્વીકાર્યો હતો.



ત્યાર પછી સમાજના અગ્રણી શિક્ષણપ્રેમી એવા શ્રી આર. આર. પટેલે ભુજ મંદિરની વિવિધ ક્ષેત્રે સેવાના વ્યાપનો નિચોડ આપી સેવાઓને બિરદાવતું ઉદ્‌બોધન કર્યું હતું.



વિલ્સડન મંદિર (યુ.કે.) ના કાર્યકર્તા કુંવરજીભાઈ દેવરાજ વેકરીયાએ હરિભક્તોના કલ્યાણ, આરોગ્ય, સુખ સમૃધ્ધિ માટે સંતોની ભાવના અને કાર્યોની વિગતો જણાવી.

શ્રી વિશ્રામભાઈ-પર્થ, શ્રી મનજીભાઈ રાઘવાણી-નૈરોબીએ આવા ભવ્ય મહોત્સવના આયોજનની પ્રશંસા કરી અહોભાવ વ્યક્ત કર્યો હતો.



ઉદ્‌બોધનો પછી પૂ. મહારાજશ્રી તથા મહંતસ્વામીને હસ્તે દાતાઓનું તથા સભામાં ઉપસ્થિત સીટી પોલીસ સ્ટેશનના સ્ટાફનું ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



ત્યારપછી શ્રોતા હરિભક્તોની આતુરતાને પૂર્ણ કરતું આશીર્વાદાત્મક ઉદ્‌બોધન કરતાં પૂ. આચાર્ય મહારાજે જણાવ્યું કે ભગવાન સ્વામિનારાયણ પધાર્યા તે પહેલાં પોતાના જીવના કલ્યાણની વાત કોઈ સમજતું ન હતું. ભગવાને સંપ્રદાયની સ્થાપનામાં ધર્મ અને સમાજ બન્નેનો સમન્વય કર્યો છે. જેથી દીનદુઃખીયાની સેવાને સ્થાન મળ્યું છે. દીકરા દીકરીની, માબાપની કુટુંબની સેવા ન કરીએ તો ભગવાન આપણી માળા સ્વીકારતા નથી. આપણા ઉત્સવો સમાજલક્ષી સેવાકાર્યના સાક્ષી છે. સંતો હરિભક્તોની સેવાથી નાનામાં નાના માણસનો જીવ ઠરે છે. આવા ઉત્સવો આપ સૌ કરી રહ્યા છો અને કરતા રહેશો. આની પાછળનું કેન્દ્ર નરનારાયણદેવ રહેલા છે. વર્તમાન સુધારવાની આજનો ઉપયોગ કરી લેવાની વાત મહારાજ પછીના મોટા સંતો હરિભક્તો થઈ ગયા તેમણે પણ કરેલી છે. અમે કરેલી આજ્ઞાનું પાલન કરશો તો સુખી થશો. પ્રવચન સમાપ્તિમાં સુંદર કાર્ય માટે ધન્યવાદ આપી સૌને આશીર્વાદ આપ્યા હતા.





# આપનો અભિષેક, અમારા અંતર કરજો પવિત્ર

સં. ૨૦૬૭, ચૈત્ર વદ ૭, તા. ૨૪-૪-૧૧, રવિવાર એટલે શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠાને થતાં ૧૦૦ વર્ષ નિમિત્તે શતાબ્દી મહોત્સવની કેન્દ્ર રહેલા પાટોત્સવ અભિષેકનો હરિભક્તોની આતુરતાને તૃપ્ત કરનારો મંગલમય દિવસ. એથી જ તો સવારના છ વાગતાં સુધીમાં તો હજારો પ્રેમી ભક્તોએ હજારોની સંખ્યામાં મંદિરના પરિસરને ભર્યું ભર્યું કરી દીધું. !

ગુલાબશંકરભાઈ શાસ્ત્રીની દેખરેખ નીચે મંદિરના કોઠી વિભાગમાં અભિષેક પૂજનવિધિની ગોઠવણ થઈ ચૂકી. યજમાનશ્રીઓ યોગ્ય આસને ગોઠવાઈ ગયા. પૂ. મહંતસ્વામી અને સંતો ઉપસ્થિત હતા. આચાર્ય મહારાજશ્રી અભિષેક વિધિ માટે શ્વેત વસ્ત્ર પરિધાન કરી રાધાકૃષ્ણદેવના ગર્ભદ્વારમાંથી દર્શન આપતા હતા. રાધાકૃષ્ણદેવ આદિ દેવોને પૂજારી સંતોએ અભિષેકના શ્વેત વસ્ત્રો ધારણ કરાવ્યાં હતાં. શાસ્ત્રીજીએ યજમાનો દ્વારા પૂજનવિધિ સંપન્ન કરી દીધી. છ વાગવાના ડંકા સાથે આચાર્ય મહારાજશ્રીએ દૂધ, દહીં, ઘી, મધ અને શર્કરા આદિક કેસર મિશ્રિત પંચ અમૃત વડે રાધાકૃષ્ણદેવને અભિષેક પ્રારંભ કર્યો. વાતાવરણ જયજયકારના મંગલઘોષથી છલકાઈ ગયું. એ



સાથે જ પૂજારી સંતોએ શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી નરનારાયણદેવનો અભિષેક આરંભ કર્યો.

હજારો હરિભક્તોએ અભિષેકના દર્શન કરી હૈડામાં હરખ ભરી લીધો. પંચામૃતનો પ્રસાદ લઈ જીવાત્માને શીતળતા ભર્યો આનંદ આપ્યો.

ત્યારપછી નિત્યના ક્રમ પ્રમાણે પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ભાગવત કથાના સમાપ્તિના દિવસની કથાની શરૂઆત કરતાં કહ્યું, આપણે કાળના હાથમાં પકડાવું નથી. ભગવાનના હાથમાં પકડાવું છે. નારદજીએ નવ યોગેશ્વરોની કથા ઋષભદેવ આગળ કહી. ઋષભદેવે મુમુક્ષુઓના કલ્યાણને અર્થે નવ મુમુક્ષુઓને પસંદ કર્યા હતા. સમયની નાડ પારખી સ્વામીજીએ બોધવચન સંભળાવતાં કહ્યું, ધર્મનો માર્ગ નિર્ભય છે, નવ યોગેશ્વરોએ નેમી રાજાને કહેલ બોધવચન સમજાવ્યાં. દુષણો નિવારવા સંપ્રદાયમાં દઢ રહેવું, ખાનપાન, બોલચાલ, વસ્ત્રપરિધાન વગેરે જીવન વ્યવહારમાં તમામક્ષેત્રે મર્યાદા પાળવી. અર્ધનગ્ન દેખાવ આપતા વસ્ત્રપરિધાનમાં મંદિરમાં આવવું તેના કરતાં ન આવવું બહેતર છે. લક્ષ્મીજી મા છે તેમને ચામડાના બટવામાં ન રખાય, મન, વાણી, કાયા વડે થતાં કર્મ ભગવાનને અર્પણ કરવાં. સંસ્કૃતિ અને સંસ્કાર ડૂબશે તો સમાજ ડૂબશે.

શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને યાદવોના નાશ અને દ્વારકાનગરી દરિયામાં ડૂબી જશે, પોતે સ્વધામ પધારશે તે સાથે પૃથ્વી ઉપર કળિયુગની શરૂઆત થશે વગેરે સંદેશ કહ્યો. શ્રીકૃષ્ણ ભગવાને આપેલા સંકેત પ્રમાણે ઉદ્ધવજી રામાનંદ સ્વામી તરીકે પુનઃ પૃથ્વી પર પધાર્યા અને ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. ભગવાન શ્રીકૃષ્ણ સ્વામિનારાયણ ભગવાન તરીકે જન્મ્યા અને મુમુક્ષુઓને ભક્તિમાર્ગે પ્રેરી કલ્યાણની કેડી કંડારી આપી, સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપી પોતાના ઐશ્વર્યના પરચા આપ્યા.

ભાગવત કથાને આગળ સંભળાવતાં કૌરવોનો નાશ, પાંડવોનું હિમાલય ગમન, યાદવાસ્થળી, યાદવોનો અંત, શ્રીકૃષ્ણ ભગવાને લીલા સંકેલી લીધી. તે પછી અર્જુન કાબાના હાથે લૂંટાયો એ ઘટના, જનમેજય રાજા તક્ષકનાગના દંશથી મોક્ષ પામ્યા વગેરે વાર્તા કરી જણાવ્યું, "મહામહોત્સવ જેવો જ શતાબ્દી મહોત્સવ સંપ્રદાયના ઈતિહાસને પાને સુવર્ણ અક્ષરે લખાઈ ગયો."








## શ્રી નરનારાયણદેવને ભૂલતા નહિં હો.....!




વિદેશથી પધારેલ હરિભક્તો વતી લાલજીભાઈ હીરાણી તથા સુરેશભાઈ રાબડીયાએ મહોત્સવ અંગે પોતાના પ્રતિભાવ આપ્યા હતા.

ભુજ મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ ભુડિયાએ ઉત્સવની ભવ્યતા અને સફળતાને અનુલક્ષી જણાવ્યું કે ઉત્સવના સભામંડપ ઉપરાંત પરિસરમાં પણ ક્યાંય જગ્યા ખાલી નથી. સંતો આજ્ઞા કરે, એક ચિઠ્ઠી લખે કે તરત હરિભક્તો સેવામાં હાજર થાય છે. તેવો જ સહકાર પૂ. આચાર્ય મહારાજ સમયનો ભોગ આપી આપતા રહે છે. પૂ. મોટા સંતો ભલામણ કરતા કે નરનારાયણદેવને ભૂલતા નહીં. નરનારાયણદેવનો રાજીપો રહે, આચાર્ય મહારાજનો રાજીપો રહે એવી પ્રાર્થના સાથે ઉદ્‌બોધન પૂર્ણ કર્યું હતું.

પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે જણાવ્યું કે આવો અદ્‌ભૂત ઉત્સવ થશે તેવી આશા નહોતી. પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા હરિભક્તોના સહકારથી કામ







બન્યું અને શોભી ઊઠ્યું. ભુજ મંદિરનો ઈતિહાસ કહે છે, રાધાકૃષ્ણદેવ પધરાવ્યા પછી બગીચો ફાલ્યોફૂલ્યો છે અને ભગવાને લીલાલહેર કરાવી છે. કરોડોની રકમથી મશીનો લેવાય છે અને અને વિશ્રાંતિ ભુવનો રચાય છે. તે ઠાકોરજીના પ્રતાપે એ તમારા હરિભક્તોના પ્રતાપે થાય છે. એવા ને એવા જ રાજી રહેજો. લાખો હરિભક્તો ઉત્સવમાં આવો છો તે માટે તમને ધન્યવાદ. ટ્રસ્ટીમંડળ, સ્વયંસેવકો દેશપરદેશના હરિભક્તો બધાની સેવા મળી છે. હવે અંજાર અને રાપરના મંદિરો બનાવવાનાં છે. એ ઉદ્‌ગારો સાથે પીરસવાની સેવા કરનાર ભક્તજનોને અભિનંદન આપ્યા હતા.



પૂ. લાલજી મહારાજશ્રીએ ઉત્સવને ભારે સરસ ગણાવી ભગવાનનાં ભજન-ભક્તિ નિરહંકારી રહીને નિષ્કામભાવે કરવા કહ્યું. વળી દેખાવ માટે કે બીજા કરતાં વધારે માળા કે દંડવત કરું છું, મારી ભક્તિ વધારે દેખાય એવી ભાવનાથી કરેલી ભક્તિથી શ્રીજી મહારાજને ક્યારેય રાજી કરી શકીશું નહીં. ભક્તિમાં એટલી ખોટ ગણાય.



આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે નરનારાયણદેવની અસીમકૃપા આપણા પર રહી છે. જ્યાં નરનારાયણદેવનું પ્રધાનપણું આવે ત્યાં તરત દોડી જવું જોઈએ. જેના આશ્રય અને પ્રતાપે મોટા થયા તેનું વિસ્મરણ ન થાય. શ્રીજી મહારાજે કુસંગીનો અને કૃતઘ્નીનો સંગ ત્યજવા કહ્યું છે. કેમકે એમનો વિશ્વાસ ન કરાય. આપણે નરનારાયણદેવના છીએ તેમાં વચ્ચે કોઈ આવે તે ઠીક નહીં. દેશમાં તેમજ વિદેશમાં સત્સંગ બહોળો થતો જાય છે. જે મંદિરનાં પગથીયાં નહોતા ચડતા તે ભગવાનમાં શ્રધ્ધા રાખી સવારસાંજ બે વાર મંદિરે દર્શનાર્થે આવે છે, પૂજા કરે છે. મંદિરમાં કચરો વાળે છે. પૂર્વજોએ આપણા માટે જમા કર્યું તેમ આપણે ભાવિ પેઢી માટે જમા કરવું જોઈએ.

આપણું ધન, મૂડી ભગવાન છે માટે ખટકો રાખી ભગવાનને ભક્તિ કરી રાજી રાખીએ. ભગવાનમાં નિષ્ઠા હોય તો સાચવવા અઘરા એવા ભગવાન સાચવવા સહેલા છે. નરનારાયણદેવ આપ સૌને ખૂબ સુખીયા કરે એવી પ્રાર્થના સાથે સૌને આશીર્વાદ આપ્યા.

## આભાર આપનો

ત્યારપછી મંદિરના ટ્રસ્ટી પ.ભ. મુરજીભાઈ શીયાણીએ અભારદર્શન કરતાં જણાવ્યું કે આપણે આ ભાર વહન ન કરી શકીએ. તેઓશ્રીએ પૂ. આચાર્ય મહારાજ સમયનો ભોગ આપી પધાર્યા અને દર્શનનો લાભ આપ્યો તે માટે આભાર માની પૂ. લાલજી મહારાજ તેમજ પૂ. ગાદીવાળાં પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.



ત્યારપછી મીઠી કડક ટકોર સાથે કથારસનું પાન કરાવનાર કથાકાર વક્તાઓનો, પૂર્વતૈયારી સાથે સંગીતનો આનંદ આપનાર સંગીતકારોનો, અખંડ હાજરી આપનાર સાં.યો. બહેનોનો તથા વડીલ સંતોનો, તન, મન, ધનથી સેવા આપનાર હરિભક્તોનો અને દાતાઓનો, ૪૦થી ૪૨ ડીગ્રી ગરમીના દિવસોમાં મોડે સુધી હરિભક્તોને તૃપ્ત કરવામાં કસર

ન રહી જાય તે માટે કાર્યરત રહેનાર રસોઈદાર હરિભક્તોનો, સભામંડપ સજાવટ, લાઈટ ડેકોરેશન, ફૂલની સેવા, પત્રકારમિત્રો, સિક્યોરીટી, પોલીસ સ્ટાફ, સાફ-સફાઈ, શેરડી રસની સેવા આપનાર અને વિતરણ કરનાર, વોટર સપ્લાયની સેવા આપનાર, વિષ્ણુયાગના આચાર્ય શાસ્ત્રી ગુલાબશંકરભાઈ અને તેમના સહકારી ભૂદેવો, ઉપરાંત શ્રોતાઓ, ભાઈઓ, બહેનો, બાળકો, નામી અનામી સૌનો આભાર માન્યો હતો.

ત્યારપછી પૂ. આચાર્ય મહારાજનું પૂજન કરસનભાઈ ઝીણા અને મેઘજીભાઈ નાથા હીરાણી તથા તેમના સુપુત્રો લાલજીભાઈ તથા સુરેશભાઈએ કર્યું હતું. કથાનું ઉત્તર પૂજન યજમાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

મહોત્સવના કથા સપ્તાહ કાર્યક્રમ દરમ્યાન જુદા-જુદા વિભાગમાં સંતો તથા હરિભક્તોએ ઉત્સાહ પૂર્વક દરરોજ બન્ને સત્રમાં સતત સેવા આપી હતી.

માવજી ભગત તથા ખીમજી ભગતના માર્ગદર્શન હેઠળ ઈન્ટરનેટરના માધ્યમથી મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટથી પ્રસારણ કર્યું. જેથી દુનિયાભરમાં હરિભક્તોને કાર્યક્રમ ટી.વી.ના પડદા ઉપર જોવાનો લાભ મળ્યો. સેવા કરતા ભકતો નિલેશ હીરાણી, તેજશ ગોર, લાલજી પિંડોરીયા અને જય પરમાર. સ્થાનિક કેબલ દ્વારા પણ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું અને ફોટોગ્રાફીમાં લાલજીભાઈ, અનિલભાઈ તથા રમેશભાઈએ સેવા કરી હતી. મહોત્સવનું કેબલ દ્વારા લાઈવ પ્રસારણની સેવા માતૃછાયા કેબલ નેટવર્કના ડાયરેકટર ગામ મીરજાપરના પ.ભ. વિનોદભાઈ લાલજી વરસાણીએ કરી હતી.

ઉત્સવમાં સેવા કરનાર સ્વયંસેવકોને રસોડામાં સેવા કરનાર ભક્તોને પ્રશંતાના ભાગરૂપે શ્રી નરનારાયણદેવનો મહાપ્રસાદ અને મહારજશ્રી મૂર્તિ તેમજ દીવાલ ઘડીયાળ અર્પણ કરવામાં આવ્યા હતા અને છેલ્લે વડીલ હરિભક્તો તથા બહેનો તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળના સ્વયંસેવકો સેવામાં જોડાયા હતા.

આભારવિધિ પછી યજ્ઞની સમાપ્તિ પૂ. આચાર્ય મહારાજશ્રીને શુભ હસ્તે શ્રીફળ હોમસાથે કરવામાં આવી.

જ્યારે સમસ્ત મહોત્સવ કાર્યક્રમની સમાપ્તિ ધૂન અને સંગીતકીર્તન સાથે કરવામાં આવી હતી. જય શ્રી સ્વામિનારાયણ....



















# મહાપ્રસાદની સુવ્યવસ્થા

ઉત્સવ દરમ્યાન રસોડાનો ભાર પ.પૂ. સ.ગુ. સનાતનદાસજી સ્વામી તથા સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી ધર્મપ્રિયદાસજી તેમજ સ્વામી કૃષ્ણવિહારીદાસજી આદિ સંતો સાથે અરજણભાઈ કુંવરજી વાગડીયા સુખપર, હરજીભાઈ નાથાભાઈ વરસાણી ભુજ, ખીમજીભાઈ હરજી હાલાઈ ભુજ, નાનજીભાઈ મનજીભાઈ દબાસીયા માનકુવા, નારણભાઈ મનજી ગોડપર તથા કુંવરજીભાઈ ભીમજીભાઈ ખેતાણી-મદનપુર આદિ ભક્તોએ ઉત્સવ દરમ્યાન પાંચ લાખથી વધુ ભક્તોને મહાપ્રસાદનું સફળ આયોજન કર્યું હતું. આ સાથે સમૈયાની સેવામાં યુવાનો-યુવતીઓ ઉત્સવમાં આવનાર ભક્તોને આરામથી સુખપૂર્વક મહાપ્રસાદ મળી શકે તે માટે અઢાર(૧૮) ખંડ બનાવવામાં આવ્યા હતા અને ચાર(૪) વી.આઈ.પી. હતા. સાથે ઉત્સવમાં આવનારને શેરડીનો રસ સાતે સાત દિવસ આપવામાં આવ્યો હતો. આ સાથે









મહા ઉત્સવમાં મહા આરતી

ઉત્સવમાં આવનાર ભક્તોને પાર્કિંગ તેમજ પગરખા સાચવવાની વ્યવસ્થા પણ સ્વયંસેવકોએ સંભાળી હતી. ઉત્સવ દરમ્યાન સ્વયં સેવકોની વ્યવસ્થા માટે પુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીએ સંભાળી હતી અને પાણીની સેવામાં સ્વામી નિષ્કામચરણદાસજી તથા સ્વામી અક્ષરવિહારીદાસજી આદિ સંતો રહ્યા હતા. અને ઉત્સવ દરમ્યાન મહા આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.











# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



ઉત્સવના મુખ્ય યજમાન પ.ભ.શ્રી વાલજીભાઈ
કરસનભાઈ હિરાણી - બળદિયા હાલે નૈરાબી



પ.ભ.શ્રી નાથાભાઈ હરજીભાઈ હાલાઈ - સુખપર



કથાના તેમજ વાર્ષિક પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ.
શ્રી મેઘજીભાઈ નાથાભાઈ હિરાણી સુપુત્રો શ્રી સુરેશભાઈ,
શ્રી લાલજીભાઈ તથા પૌત્ર સાથે - બળદિયા



શ્રી રાધાકૃષ્ણદેવની ધ્વજાનો ઊંચો આંક આપનાર
દાતા પ.ભ.શ્રી કાનજીભાઈ નારણભાઈ હાલાઈ
મેઘપર(હા. એલ્ડોરેટ)



શ્રી નરનારાયણદેવની ધ્વજાનો ઊંચો આંક આપનાર દાતા
પ.ભ.શ્રી ભચુભાઈ ધરમશીભાઈ આરેઠીયા પરિવાર તથા
પ.ભ.શ્રી ભચુભાઈ ધનજીભાઈ મુજાત પરિવાર - રાપર



શ્રી ઘનશ્યામ મહારાજની ધ્વજાનો ઊંચો આંક આપનાર
દાતા પ.ભ.શ્રી વાલજીભાઈ કલ્યાણભાઈ ભુડીયા
ફોટડી (હાલ નૈરોબી)

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



પ્રસાદી મંદિરમાં શ્રી નરનારાણદેવની ધ્વજા-કળશના
યજમાન પ.ભ.શ્રી કરસનભાઈ મનજીભાઈ હિરાણી
સપરિવાર - રામપર વેકરા,હાલ ગાંધીધામ




પ્રસાદી મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવની ધ્વજા-કળશના
યજમાન પ.ભ.શ્રી મેઘજીભાઈ કરશનભાઈ વરસાણી
સામત્રા, હાલે નૈરોબી



મંત્રપોથી સ્મૃતિ અર્થે શ્રીહરિનાં ચરણારવિંદના દાતા
પ.ભ.શ્રી વિશ્રામભાઈ લાલજીભાઈ ગોપાલભાઈ
પીંડોરીયા - માધાપર હાલ પર્થ, ઓસ્ટ્રેલિયા



શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન-૨, અમદાવાદના ખાતમુહૂર્તના
યજમાન દાતા પ.ભ.શ્રી દિનેશભાઈ ધરમશીભાઈ ખીરાભાઈ
જેઠાભાઈ ખુથીયા પરિવાર - ભચાઉ, નવાગામ હાલે મુંબઈ



પ્રસાદી મંદિરના નરનારાયણદેવના શિખરના દાતા
પ.ભ.શ્રી હિરજીભાઈ અરજણ ભુડીયા - ગોડપર



શ્રી રાધાકૃષ્ણદેવના શિખરના દાતા શ્રી સ્વામિનારાયણ
મંદિર - ગોડપર વતી, હ. વાગજીભાઈ તથા મુરજીભાઈ

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



ભુજ મંદિરના પૂર્વ કોઠારી પ.ભ. શ્રી પ્રેમજીભાઈ
કેસરા રાઘવાણી - બળદિયા, સુપુત્રો રવિભાઈ,
ધનજીભાઈ કરસનભાઈ



પ.ભ.શ્રી લાલજીભાઈ ખીરાભાઈ ખુથીયા,
સુપુત્ર પ.ભ.શ્રી સુભાષભાઈ નવાગામભચાઉ હાલે મુંબઈ



પ.ભ.શ્રી મનજીભાઈ વિશ્રામ વરસાણી, સુપુત્ર શ્રી
નારણભાઈ તથા શ્રીકાંતિભાઈ - બળદિયા હાલે સીડની



પ.ભ.શ્રી નારાણભાઈ મનજીભાઈ કેરાઈ,
સુપુત્ર શ્રી કાંતિભાઈ - બળદિયા હાલે નૈરોબી



ભુજ મંદિરના ટ્રસ્ટી પ.ભ.શ્રી ખીમજીભાઈ
હરજીભાઈ હાલાઈ- ગોડપર હાલે ભુજ




પ.ભ.શ્રી કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા
પિતાશ્રી સાથે - નારણપર હાલે વિલ્સડન

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



પ.ભ.શ્રી સુરેશભાઈ શિવજીભાઈ રાબડીયા
સુપુત્રો સાથે - માંડવી હાલે કેન્ટન હેરો




પ.ભ.શ્રી અનિલભાઈ રામજીભાઈ વેકરીયા
નારણપર હાલે એલ્ડોરેડ




પ.ભ.શ્રી લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી સાથે
પ.ભ.શ્રી વીરજીભાઈ કાનજીભાઈ રાઘવાણી
બળદિયા હાલે નૈરોબી



દાતા શ્રી નાનદાસભાઈ પિતાશ્રી શામજીભાઈ વરસાણી
માધાપર હાલે બોલ્ટન



ઝુમ્મરના દાતા પ.ભ.શ્રી હિતેશભાઈ
પરબતભાઈ ભુડીયા - કેરા હાલ ઓલ્ડહામ



પ.ભ.શ્રી દેવરાજ કુંવરજીભાઈ હાલારીયા
કેરા હાલ કેન્ટન, હેરો

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



પ.ભ.શ્રી પરબતભાઈ ભીમજીભાઈ શિયાણીના
પિતાશ્રી ભીમજીભાઈ- મીરજાપર હાલ - નૈરોબી



પ.ભ.શ્રી પરબતભાઈ શિવજીભાઈ કેરાઈ
સુપુત્રો સાથે - નારાણપર હાલ ઓલ્ડહામ




વિલ્સડન મંદિરના પ્રમુખ પ.ભ.શ્રી મનજીભાઈ
શિવજીભાઈ હાલાઈ - વિલ્સડન



ભુજ મંદિરના કોઠારી પ.ભ.શ્રી રવજીભાઈ
માવજીભાઈ ભુડીયા - માધાપર



બાલમંચના બાળકોને પ્રોત્સાહિત કરનાર દાતા પ.ભ.
શ્રી ભીમજીભાઈ રામજીભાઈ હિરાણી (ઈસ્ટલંડન)



પ.ભ. શ્રી પોપટભાઈ પૂંજા નિશર
નવાગામ, ભચાઉ હાલ મુંબઈ

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



પ.ભ.શ્રી વાઘજીભાઈ મનજીભાઈ વેકરીયા
સુ. રમેશ તથા કિશોર - વાડાસર



પ.ભ.શ્રી રમેશભાઈ હંસરાજભાઈ
ભચાઉ, નવાગામ હાલે મુંબઈ



પ.ભ.શ્રી માધવજીભાઈ શામજીભાઈ ભુડીયા - નારણપર



પ.ભ. શ્રી દેવશીભાઈ હાલાઈ, સુરજપુર - હાલ મોમ્બાસા




પ.ભ. શ્રી કરશનભાઈ ઝીણા જેસાણી - બળદીયા



શ્રી કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ઉંચો આંક આપનાર દાતા પ.ભ.
શ્રી ભીમજીભાઈ હરજીભાઈ ભુડીયા- ફોટડી (હાલ નૈરોબી)

# શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવના દાનવીર દાતાશ્રીઓનું અભિવાદન



પ.ભ.શ્રી વિશ્રામભાઈ મૂરજીભાઈ હાલાઈ
સુરજપર



પ.ભ.શ્રી દેવરાજભાઈ કરશનભાઈ વરસાણી તથા
ધનજીભાઈ - નારણપર



પ.ભ. શ્રી અરજણભાઈ હરજીભાઈ દબાસીયા
માનકુવા



શ્રી સ્વામિનારાયણ ઓલ્ડહામ તરફથી
પ.ભ. શ્રી હિતેશભાઈ તથા વાલજીભાઈ - ઓલ્ડહામ



પ.ભ. શ્રી કાનજીભાઈ ખીમજીભાઈ જેસાણી
બળદીયા - વિલ્સડન



પ.ભ. શ્રી માવજીભાઈ સાંખલા સુ. જેન્તીભાઈ, હીરજીભાઈ
તથા પુરૂષોત્તમભાઈ - નેત્રા હાલ વલસાડ

# શતાબ્દી મહોત્સવ

ઉત્સવની પૂર્વ તૈયારીના ભાગરૂપે અન્ય અન્ય તૈયારીઓમાં સર્વે સંતો પ.પૂ. મહંત સ્વામીની આજ્ઞા પ્રમાણે અને સંકલન સમિતિના માર્ગદર્શન હેઠળ સંતો તથા ભક્તોએ અલગ અલગ સેવાઓમાં બજાવી હતી.ઉત્સવની લોકો સુધી પહોંચાડવામાં પ્રિન્ટ મિડીયા અને ઈલેકટ્રીક મીડિયા દ્વારા ઉત્સવની વાત પહોંચાડવાની સેવામાં શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી તથા મુક્તવલ્લભદાસજી રહ્યા હતા. સરસ નયન રમ્ય પત્રિકા દ્વારા ભક્તોને દેશ વિદેશમાં સમાચાર પહોંચાડવાની સેવામાં શા. માવજી ભગતે સેવા આપી હતી અને પધારતા ભક્તોને પ્રસાદ તેમજ શ્રી નરનારાયણ દેવોના પકવાનો બનાવવાની સેવા પુ. જ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વા. ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો ભક્તોએ સંભાળી હતી. અને રસોડા કોઠાર તેમજ અન્ય વ્યવસ્થામાં કોઠારી સંતો પુ. માધવપ્રસાદદાસજી તથા શાંતિસ્વરૂપદાસજી તેમજ સ્વામી ધર્મજીવનદાસજી તથા સ્વામી શ્રીવલ્લભદાસજી આદિ સંતો સેવા બજાવી હતી. શોભાયાત્રાના વાહનો શણગારવાની સેવા સંતોના માર્ગદર્શન હેઠળ યુવા ભક્તોએ સંભાળી હતી. ઉદાર દિલથી ધનથી સેવા કરી હતી. એવા ભક્તોને પહેરામણીની સેવા શા. લક્ષ્મણપ્રકાશદાસજી તથા પ્રેમવલ્લભદાસજી એ સંભાળી હતી. સંતોના ભંડારની સેવા સ્વામી અક્ષરસ્વરૂપદાસજી તથા સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજીએ સંભાળી હતી. કાળઝાળ ગરમીમાં પાણીની વ્યવસ્થા સ્વામી નિષ્કામચરણદાસજી તથા સ્વામી અક્ષરવિહારીદાસજીએ સંભાળી હતી. ફુલહારની વ્યવસ્થા સ્વામી ધર્મપ્રકાશદાસજીએ સંભાળી હતી. વિષ્ણુયાગની વ્યવસ્થા સ.ગુ. પુ. કેશવપ્રસાદદાસજી તથા સ્વામી શ્રીકૃષ્ણપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ સંપન્ન થઈ હતી. આ રીતે સૌ હરિભક્તો સંતોના સહીયારા પ્રયાસથી ઉત્સવમાં એક અનોખી સુવ્યવસ્થા જળવાઈ હતી અને બીજા અન્ય કોઈ અનિચ્છનીય બનાવો ન બનતાં ઉત્સવ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.




# શ્રી સ્વામિનારાયણ જયંતી રામનવમી-છઠ્ઠી ઉત્સવ

તા. ૧૨-૪-૧૧, ચૈત્ર શુક્લ નવમી મંગળવારે ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્ય દિવસની ૨૩૦મી જયંતી ઉજવવામાં આવી. 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સાથે ભુજનગરની શેરીઓમાં ફરતી પ્રભાતફેરીએ નાગરિકોને જાગૃત કર્યા હતા. પ્રભુપ્રેમી ભક્તોએ ઠેકાણે ઠેકાણે ઠાકોરજીના દર્શન કરી ઓવારણાં લીધાં હતાં.

ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટ્ય નિમિત્તે રામચંદ્રજીના મંદિરને ફૂલમાળાઓ અને ગજરાથી સુશોભિત કરવામાં આવ્યું હતું. બપોરના ૧૨ વાગ્યે ભગવાનના જન્મની આરતી ધામધૂમથી ઉતારવામાં આવી ત્યારે હજારો ભક્તોએ રામચંદ્ર ભગવાનના નામનો જયજયકાર કર્યો હતો.

આજના કાર્યક્રમમાં સભામંડપમાં સવારથી સાંજ સુધીની ૧૨ કલાકની મહામંત્ર ધૂનમાં હરિભક્તો ઉત્સાહપૂર્વક સમય આપી ભાગીદાર બન્યા હતા.

રાત્રે ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્ય સમય પહેલાં ૮ થી ૧૦ સુધી બે કલાકની સ્વામિનારાયણ મહામંત્રની ધૂન રાખવામાં આવી હતી. ધૂનનો સમય પૂરો થતાં સુધીમાં પ્રાગટ્યની આરતીનાં દર્શન માટે આતુર હરિભક્તોની ઉપસ્થિતિ ખીચોખીચ થઈ હતી. રાત્રે ૧૦:૧૦ ના સમયે મહંત સ.ગુ. સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીએ ભગવાનના પ્રાદુર્ભાવની આરતી ઉતારી ત્યારે મંદિરના પરિસરમાં 'ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી, ભક્તિ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી' ના સૂત્રોનો નિનાદ ઘૂમી વળ્યો હતો.



# શ્રી નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ

## ભક્તિભર્યા રંગથી રંગાયો ગુલાબી મહોત્સવ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે બિરાજતા અનાદિ અનંત, સતપુરુષોના સુખને માટે અસુરોના સંહારાર્થે અવતાર ધારણ કર્તા, ભારતવર્ષના ચક્રવર્તી સમ્રાટ, રાજાધિરાજ, ભારતવર્ષની પ્રજાના કલ્યાણ વાસ્તે બદરિકાશ્રમમાં રહી તપ કરતા એવા ભગવાન શ્રી નરનારાયણદેવનો સં. ૧૮૭૯ ના વૈશાખ શુક્લ પંચમીના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મારું સ્વરૂપ છે અને તેમાં હું અખંડ રહી સૌ આશ્રિતોને સુખીયા રાખીશ એમજણાવી સિંહાસને પ્રતિષ્ઠા કરી તેને ૧૮૯ વર્ષ થયાં અને નૂતન મંદિરે સુવર્ણ સિંહાસને સં. ૨૦૬૬ ના વૈશાખ શુક્લ પંચમીએ પધરાવ્યા તે પછીનો પ્રથમ પાટોત્સવ તા. ૮-૫-૨૦૧૧, સં. ૨૦૬૭ વૈશાખ સુદ પાંચમ રવિવારે દેશ-વિદેશના લાખો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભક્તિભાવ સાથે ઉજવાયો.

સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે ઉજવવામાં આવેલ આ મહોત્સવમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચિત મુક્તાનંદ કાવ્ય અંતર્ગત "નારાયણ ગીતા" અને "વિવેક ચિંતામણી" ની કથાનું વિવિધ કાર્યક્રમો સાથે તા. ૬-૫-૧૧ થી તા. ૮-૫-૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય સમૈયાને દિવ્યતાભર્યો બનાવવામાં ઉમંગી સંતો, યુવકમંડળના તરવરિયા યુવાનો, ધગશભર્યા સ્વયંસેવકો, તન, મન, ધનથી શક્ય તેટલી સેવા આપવાની તમન્ના ધરાવતા દેશ-વિદેશના હરિભક્તો, તપ ભક્તિ અને સેવાની સદાબહાર શક્તિ ધરાવતાં સાં.યો. બહેનો અને મંદિરની વહીવટી જવાબદારી સંભાળતા કાર્યકર્તાઓએ નોંધપાત્ર સહકાર આપ્યો. ઉત્સવના પ્રારંભ સુધીમાં પૂર્વ તૈયારીની ચહલપહલ પૂરી થઈ. સમગ્ર સમૈયાનું યજમાનપદ ગામ બળદિયાના હાલે ભુજ નિવાસી પ.ભ. મેઘજીભાઈ નાથા હીરાણી, સુપુત્રો લાલજીભાઈ મેઘજી હીરાણી, ધ.પ. દક્ષાબેન લાલજી તથા સુરેશભાઈ મેઘજી હીરાણી, ધ.પ. સવિતાબેન સુરેશ પરિવાર સમસ્તે ગ્રહણ કર્યું હતુ

કથા પારાયણનું યજમાનપદ અ.નિ. આત્માઓના તથા પિતાશ્રી અ.નિ. કાનજી કુંવરજી ભાયાણીના મોક્ષાર્થે તથા માતુશ્રી ગં.સ્વ. રાધાબાઈ કાનજી ભાયાણીના કલ્યાણાર્થે સુપુત્ર કલ્યાણ કાનજી ભાયાણી, ધ.પ. રતનબેન તથા સુપુત્ર જાદવજી કાનજી ભાયાણી, ધ.પ. અમૃતબેન પરિવાર સમસ્તે સ્વીકાર્યું હતું.



## તવ કથામૃતમ્



તા. ૬-૫-૧૧ થી તા. ૮-૫-૧૧ સુધી કથાપારાયણ કાર્યક્રમમાં પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ ''નારાયણ ગીતા'' ની કથાનું અને પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી એ ''વિવેકચિંતામણી'' ની કથાનું શ્રોતાઓને રસપાન કરાવી જીજ્ઞાસુ ભક્તોની જ્ઞાનપિપાસા સંતોષી રાજી કર્યા હતા.

કથાની શરૂઆત પૂર્વે શાસ્ત્રી રાહુલભાઈ મહારાજે યજમાનો પાસે પૂજનવિધિ, પોથીપૂજન, વ્યાસગાદીએ બિરાજમાન કથાના વક્તાનું પૂજન કરાવી સમૂહમાં આરતી કરાવી.

શતાબ્દી મહોત્સવ તેમજ વાર્ષિક પાટોત્સવ બન્ને પ્રસંગની સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંભાળ્યું.

કથાના સ્વામીજીએ ત્રણ દિવસ કથાવાર્તા સાથે આજના સમયને અનુલક્ષી પારિવારિક અને સામાજિક દૂષણો પ્રત્યે શ્રોતાઓને જાગૃત કરી બાળકોના ધાર્મિક સંસ્કાર જળવાઈ રહે તે અંગે સંગદોષ, વ્યસન વગેરેના ભોગ ન બને તે સંભાળ રાખવા ખાસ ટકોર કરી હતી.



સંગીત સાથે દૃષ્ટાંતો, કીર્તનો, વિશેષ અસરકારક બન્યાં. તે સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી અને તેમની સાથે વિદ્યાર્થી સંગીતકાર નિર્ભયચરણદાસજી તથા તબલાંના કલાકાર શ્રી શૈલેષભાઈ જાનીએ કથાને વિશેષ રસિક બનાવી હતી.

કથા ઉપરાંત વિવિધ કાર્યક્રમોએ મહોત્સવને ઓપ આપી આકર્ષક બનાવ્યો હતો.



તા. ૬-૫-૧૧ ના રોજ સાંજના ૭:૩૦ વાગતાં સમૈયાના યજમાનશ્રી મેઘજીભાઈ તથા સુપુત્ર લાલજીભાઈ તથા સુરેશભાઈ હીરાણીના નિવાસ સાથે શ્રી ઠાકોરજીની પધરામણી કરવામાં આવી. કીર્તન મહોત્સવના વાતાવરણમાં પૂ. મહંતસ્વામીએ યજમાન પરિવારને આશીર્વાદ સાથે ઠાકોરજીની મૂર્તિ ભેટ આપી અને ઉપસ્થિત સર્વે હરિભક્તોને પ્રસાદ વહેંચવામાં










# અમે સૌ પ્રભુના બાળક

## બાલીકામંચ - ૨૦૧૧


શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ અન્વયે તા. ૬-૫-૧૧ અને ૭-૫-૧૧ બે દિવસ બાલિકામંચ દ્વારા ગરબા, રાસ, કીર્તન વગેરે ધાર્મિક કાર્યક્રમો બપોરે ૧૨ થી ૩ વાગ્યા દરમ્યાન રજુ કરવામાં આવેલ, જેમાં શ્રી નરનારાયણનગર દ્વારા રજૂ થયેલ રૂપક કૃષ્ણ-સુદામા, ભુજ મંડળ દ્વારા રજૂ થયેલ રૂપક લાડુબા તેમજ માંડવી મંડળ દ્વારા રજૂ થયેલ રૂપક દેવબાઈએ પ્રેમ પૂર્વક રોટલા બનાવ્યા અને બાવાનું રૂપક લઈ શ્રીજી મહારાજ જમવા પધાર્યા, આ રૂપકોએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. લગભગ એક હજાર જેટલી બાલિકાઓએ ભાગ લીધો હતો. વચનામૃત તેમજ વંદુના આઠ પદ બાલિકાઓ દ્વારા રજુ થયા હતા. તેમજ બાળપણથી જ ધાર્મિક અને પરંપરાગત સંસ્કારની અદ્‌ભુત ઝાંખી થઈ હતી, આવા સત્સંગને સમૃધ્ધ બનાવવા કર્મયોગી હીરાબેન પરબત વરસાણી તેમજ સાં.યો. શાંતાબાઈ તથા સાં.યો. અનિતાબાઈ એ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. ભુજના સાં.યો. મહંત પ.પૂ. શામબાઈ તથા સાં.યો. નીતાબાઈ તરફથી બાલિકાઓને સમરકેપ તથા પંખાની ભેટ અર્પણ કરવામાં આવી હતી. દરરોજ પોતાના ગામના મંદિરમાં જે બાલીકાઓની હાજરી હતી તેમને સ્કુલ બેગ આપવામાં આવી હતી.





## ધર્મનૌકાની શોભા

અમદાવાદના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીનું ઉત્સવ પ્રસંગમાં આગમન થતાં દર્શન મળે એટલે સોનામાં સુગંધ ભળે. તા. ૭-૫-૨૦૧૧ ના પૂ. મહારાજશ્રીની શોભાયાત્રા પ્રસાદીના મંદિરેથી ભુજ મંદિરે આવવા શ્રી નરનારાયણદેવના જયઘોષ સાથે રવાના થઈ ત્યારે વાતાવરણ આનંદની લહેરોથી સમૃધ્ધ બની ગયું. વિશાળ નૌકાયાનમાં પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની સાથે પ.પૂ. સ.ગુ. મહંતસ્વામી પુ. ધર્મનંદનદાસજી બિરાજમાન થઈ સૌને દર્શન આપતા હતા. સુવર્ણ પાલખીમાં બિરાજમાન ઠાકોરજીની અમી દૃષ્ટિ સૌને નવચેતન આપતી હતી. સમૈયાના તથા કથાના યજમાન હરિભક્તો પણ નૌકાયાનમાં ગોઠવાઈ પ્રભુમાં લીન હતા. ૨૪ ગામની કીર્તન મંડળીઓએ શોભાયાત્રાનું આકર્ષણ વધારી રંગ રાખ્યો હતો.


શતાબ્દી મહોત્સવના સભાપતિ
શા. સ્વામી દેવચરણદાસજી



શોભાયાત્રા ભુજ મંદિરે પહોંચી આવતાં ઠાકોરજીને કથાના મંચ ઉપર બિરાજમાન કરવામાં આવ્યા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધારતાં સહુએ ઊભા થઈ સન્માન કર્યું હતું. મહારાજશ્રીએ પોથીનું પૂજન કરી વક્તા સ્વામીને ફૂલહાર પહેરાવી પૂજન કર્યું અને મંચ ઉપરથી સૌને દર્શન આપ્યાં હતા. પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, મંદિરના કોઠારી, ટ્રસ્ટીઓ, સમાજના અગ્રણી કાર્યકર્તા અને હરિભક્તોએ મહારાજશ્રીનું ફૂલહારથી અભિવાદન કર્યું હતું. મહારાજશ્રીએ સૌને આશીર્વાદ પ્રતિકરૂપે ફૂલહાર પહેરાવી રાજી કર્યા હતા.

## ભક્તિસભર ભેટ

મહારાજશ્રી તથા પૂ. મહંતસ્વામીને વરદ્ હસ્તે યજમાન દાતાશ્રીઓને તથા સમૈયામાં તેમજ મંદિરના વિવિધક્ષેત્રે સેવા આપનાર સર્વે ભક્તજનોને પહેરામણી ભેટ આપવામાં આવી તેમજ યજમાન પરિવાર તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી હતી.







તા. ૭-૫-૨૦૧૧ ના રાત્રે ૯:૦૦ કલાકે કીર્તનભક્તિ તથા અંત્યાક્ષરી કાર્યક્રમ સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી તેમજ સ્વામી શ્રીજીનંદનદાસજી રજુ કર્યો હતો અને વિદ્યાર્થી સંતો પણ સાથે જોડાયા. કાર્યક્રમ રસપ્રદ અને કીર્તનભક્તિ સંબંધી જ્ઞાનની કસોટી કરનાર નીવડ્યો હતો.

## દુર્લભ દર્શન

પૂજારી મંડળના સંતોએ ઠાકોરજીને ફૂલના શણગાર અને ચંદનના શણગાર આપી ઠાકોરજીને શીતળતા પ્રદાન કરી અને દર્શનાર્થી ભક્તોને વિશેષ દર્શનનો આનંદ આપ્યો હતો. આ જ દિવસે બપોરના સમયમાં ભક્તવર્ગને મહારાજશ્રીના આશીર્વચન સાંભળવાનો લાભ મળ્યો હતો.



## આપણા પ્રેરણા સ્રોત



પૂ. આચાર્ય મહારાજે ઉત્સવ ઉપર ઉત્સવ થાય છે તેને શ્રીહરિની દયા ગણાવી. શ્રીજી મહારાજે ઉત્સવોને જીવંત રાખવા ઉત્સવો કરી ઉત્સવોનું પ્રધાનપણું સ્થાપ્યું. જીવનની દોડમાં માણસ ખરું કરવાનું ભૂલી જાય છે. ઉત્સવ સમૈયા અંત સમયે યાદ આવે તો ભગવાન, સંતો, હરિભક્તો સહુની યાદ આવે અને ભક્તજન તરી જાય. મહારાજે શ્રી નરનારાયણદેવ આપીને કહ્યું છે કે "આ નરનારાયણદેવ અને અમારામાં રતિમાત્ર ફેર નથી, આમાં રહીને તમારા સંકલ્પ પૂરા કરશું" માટે આપણે નરનારાયણદેવમાં દૃઢતા રાખવી. ભગવાનના વચનમાં વિશ્વાસ રાખી વચનમાં રહેવાનું જણાવી સૌને શ્રીનરનારાયણદેવ સુખીયા કરે તેવા આશીર્વાદ આપ્યા હતાં.

## ગાયોને ઘાસચારો

શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ દરમ્યાન અબોલજીવો માટે પણ ભુજ મંદિર દ્વારા સાતે સાત દિવસ ગાયોને ઘાસચારો નીરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.



# બાળ મંચ - ૨૦૧૧











તા. ૮-૫-૨૦૧૧ રવિવાર વૈશાખ સુદ-૫ના બપોરે ૧૨થી ૫ સુધી સમગ્ર કચ્છ સત્સંગના ત્રણ હજાર બાળકો વચ્ચે શ્રી નરનારાયણ દેવના પટાંગણમાં બાળમંચનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમા ૩ થી ૧૪ વર્ષના બાળકો જોડાયા હતા અને શ્રી ઘનશ્યામબાળ મંડળમાં તૈયાર થયેલા બાળકોએ અનેક કાર્યક્રમો રજુ કર્યા હતા. શરૂઆતમાં દરેક બાળકોને સમર કેપ આવપવામાં આવી હતી અને બપોર પછી ૩:૩૦ વાગ્યે ફુડ સ્લાડનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. અને બાલ મંચની સમાપ્તિમાં ચીભડાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. અને દરેક બાળકોને લાઈટ પંખો આપવામાં આવ્યો હતો. અને જે બાળકોની દરરોજ પોતાના ગામના મંદિરમાં હાજરી હતી તેવા બાળકોને એક સ્કુલ બેગ આપવામાં આવી હતી તેમજ બાલિકાઓને પણ સ્કુલ બેગ આપવામાં આવી હતી.

આ બાલમંચના વિવિધ કાર્યક્રમો રજુ કરનાર ભક્તિનગરના બાળકો નમન હું કરું પ્રાર્થના, સુખપુરના કરીએ શતવાર નમન, માંડવીના બાળકો 'ડાયા ભગત'નું રૂપક, મદનપુરના મુજા મેરમ સહજાનંદજી, મિરજાપરના આંખલડીમાં રાખું, કોટડીના મોહનદાસ બાવો, બળદિયા કીર્તન ઉપર નૃત્ય અને રવાપરના અણીયાણીરે કીર્તન ઉપર નૃત્ય તેમજ શ્લોક ગાન, વચનામૃત, કીર્તન, પ્રવચન, પ્રશ્નોત્તરી, નારણપર ગુરુકુલના બાળકો પણ સહભાગી થયા હતા. અનેક કાર્યક્રમો બાળકો રજુ કરી ઘનશ્યામને અને સંતોને રાજી કર્યા હતા.

આ બાળકોને પ્રોત્સાહિત કરવા હરિભક્તો પણ ઉદારતા દાખવી હતી. પ.ભ. શ્રી વાલજી કરસન હિરાણી-બળદિયા, ભીમજીભાઈ રામજી હિરાણી - બળદિયા, નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર, પરબતભાઈ ભીમજીભાઈ સીયાણી મીરજાપુર, પ્રેમજીભાઈ દેવજી વેકરીયા - નારણપર, જેઠાભાઈ મનજીભાઈ સવાણી - કેરા, દેવશીભાઈ જેઠા - બળદીયા વગેરે ભક્તોએ આર્થિક સહયોગ આપેલ જેનાથી બાળકોને સમર કેપ, લાઈટ પંખો તેમજ સ્કુલ બેગ અને યુવાનોને ઘડીયાળ અને કિચેઈનો આપાયા હતા. જ્યારે બાલ બાલિકા મંચના દિવસે બાળકો માટે કુલ્ફી, ફુડ સલાડ, ચીભઠાની સેવા કરનાર ભક્તો પ.ભ. લાલજીભાઈ મેઘજી હિરાણી - બળદિયા, અરવિંદભાઈ ઠક્કર ભુજ, ઘનશ્યામભાઈ ઠક્કર - ભુજ, ઘનશ્યામભાઈ ગોર - ભુજ, ઘનશ્યામભાઈ ગોર - ભુજ વગેરે ભક્તો પ.પૂ. મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને આપણા બાળકો શિક્ષણ સાથે સત્સંગના સંસ્કારો પણ મેળવે એવી ઉચ્ચ ભાવના સાથે બાળકોને સફળ બનાવનાર સંતો પૂ. પરબ્રહ્મજીવનદાસજી સ્વામી તથા સ્વામી હરિપ્રસાદદાસજી તથા શા. ભક્તવત્સલદાસજીને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. સંચાલન સ્વામી દેવચરણ દાસજીએ કર્યું હતું.





# અભિષેક દર્શનથી અન્નકૂટ દર્શન




તા. ૮-૫-૨૦૧૧, રવિવારે શ્રી નરનારાયણદેવના અભિષેક સાથે ઘનશ્યામ મહારાજ તથા રાધાકૃષ્ણદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો. મંગળા આરતી પછી યજમાનશ્રીઓએ પ.પૂ. મહંતસ્વામી સાથે રહી અભિષેકનો પૂજનવિધિ કોડી વિભાગમાં બેસીને કર્યો. પૂજનવિધિ મંદિરના શાસ્ત્રી ગુલાબશંકરભાઈએ સંપન્ન કર્યો હતો.

ત્યારપછી મહારાજશ્રીને હસ્તે શ્રી નરનારાયણદેવને દૂધ, દહીં, ઘી, મધ અને સાકર વડે અભિષેક કરતાં જયકાર ધ્વનિ ગુંજી ઊઠ્યો. પૂજારી સંતોએ






ઘનશ્યામ મહારાજ તથા રાધાકૃષ્ણદેવને પંચામૃત અભિષેક કર્યો હતો.

ઠાકોરજીને ધરવામાં આવેલ ષડરસનાં ચતુર્વિધ પકવાનો તથા ફરસાણ, શાકપાન આદિ અનેક વાનગીઓના અન્નકૂટની મહારાજશ્રીએ સાડાનવ વાગતાં આરતી ઉતારી હતી.











## 'ધર્મસંદેશ' પહોંચ્યો પરદેશ

વિદેશમાં વસતા હરિભક્તો માટે શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશની સં. ૨૦૬૬, વૈશાખ સુદ ૫ ના મહામહોત્સવના વિશેષઅંકની અંગ્રેજી આવૃત્તિનું વિમોચન મહારાજશ્રી તથા પૂ. મહંતસ્વામીને હસ્તે કરવામાં આવ્યું હતું. અંગ્રેજીમાં અનુવાદ કરવાની સેવા પ.ભ. શ્રી પુરૂષોત્તમભાઈ હિરાભાઈ કાચા-ધોરાજીએ કરેલ છે.

પોતાના ઉદ્‌બોધનમાં પ.પૂ.સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ નવા મંદિરમાં પ્રથમ પાટોત્સવના ઉત્સવના આનંદની વાત કરી. યજમાન દાતા મેઘજીભાઈના ત્યાગની અને કાર્યાલયમાં જાદવજી ભગત પાસે બેસી ત્યાગીની માફક સેવા કરે છે તે માટે તેમને તથા સુપુત્રોને ધન્યવાદ આપ્યા હતા. ભગવાનને રાજી કરવા ઉત્સવ કરીએ છીએ. કચ્છના સત્સંગીઓ શ્રી નરનારાયણદેવમાં શ્રધ્ધા રાખે છે તેમને ધન્યવાદ આપી, મહારાજશ્રીને દરેક વાર્ષિક પાટોત્સવમાં પધારવાની નોંધ રાખવા વિનંતી કરી હતી.

પૂ. મહંતસ્વામીએ હરિભક્તોને પોતાનાં બાળકોને, બાલમંડળ, ઘનશ્યામબાલિકા મંડળ, યુવક મંડળમાં પ્રવેશ અપાવવા તથા શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણ ઉર્ધ્વપુંડ તિલક અને ચાંદલો કરે તે જોવા ભલામણ કરી હતી તેમજ સાં.યો બહેનો પણ કર્મયોગી બહેનોને એ પ્રમાણે ભલામણ કરે તેમજણાવ્યું હતું.

કથા સમાપ્તિ પ્રસંગે મહારાજે વિશેષ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે આવા ઉત્સવથી વિશેષ આનંદ થયો. ભગવાન આવાને આવા રાજી રહે તેવી પ્રાર્થના કરવી. હરિભક્તો તથા નાનાં-નાનાં ભૂલકાં સૌની ઉપર શ્રી નરનારાયણદેવે દયા કરી છે. આપણે ખટકો રાખી શ્રી નરનારાયણદેવના આશ્રમમાં મક્કમ રહેવું. ભગવાન તથા ભગવાનના ભક્તો પ્રત્યે આદર રાખવો. ભગવાન મળ્યા છે એ જ આપણું કલ્યાણ છે, એ જ ધન, એજ સંપત્તિ ! ભગવાન સૌના મનોરથ પૂર્ણ કરે તેવી પ્રાર્થના કરી વ્યક્તવ્ય પૂરું કર્યું હતું.

## મધુર સ્મરણ સાથે સમાપ્તિ

છેલ્લે યજમાન પરિવાર પ.ભ. લાલજીભાઈએ સમગ્ર ઉત્સવનો આભાર વ્યક્ત કર્યો હતો અને અમને શ્રી નરનારાયણદેવે આવો લાભ આપ્યો એ અમારા જીવનની કમાણી સમજીએ છીએ અને બધા સંતો, મહારાજશ્રી તથા ભક્તો રાજી રહે એ જ શુભકામના પ્રાર્થી હતી.



૧૧:૦૦ વાગ્યાના સમયે મંદિરના શાસ્ત્રી મહેશભાઈએ યજમાનો પાસે કથા સમાપ્તિનું પૂજન તથા યજમાનો દ્વારા સમૂહ આરતીનો કાર્યક્રમ સંપન્ન કર્યો. ભોજનપ્રસાદના કાર્યક્રમ સાથે મહોત્સવ મધુર મધુર સ્મરણો સાથે સમાપ્ત થયો હતો.

## 'ધર્મસંદેશ' ની સેવા આબાદ પામ્યા રૂડા આશીર્વાદ

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશનો મે-જુન-૨૦૧૧ નો સંયુક્ત અંક 'શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવ' તથા શ્રી નરનારાયણદેવ પાટોત્સવના વિશેષાંકરૂપે પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

નિઃસ્વાર્થભાવે ઉમદા સેવારત પ.ભ. શ્રી ઓચ્છવલાલ એમ. વ્યાસ, પ.ભ. શ્રી ભરતભાઈ પી. મહેતા, પ.ભ. શ્રી જનકરાય એમ. ભટ્ટે દિવસ-રાત જોયા વગર આ અંકના લેખન, સંપાદન તેમજ પ્રુફ રીડીંગ માટે સહયોગ મળ્યો છે તે બદલ આ ત્રણેય હરિભક્તોને શ્રીજી મહારાજ સદાય સુખિયા રાખે અને તેઓના જીવનમાં સત્સંગ સાથે ભક્તિભાવ વધુને વધુ સુદૃઢ થાય અને મંદિર સાથે સદૈવ જોડાયેલા રહે તેવા રૂડા આશીર્વાદ પાઠવીએ છીએ.

- તંત્રી મંડળ



## મહારાજના ચરિત્રો-લેખોથી ભરપુર એટલે..... 'ધર્મસંદેશ'

## વાંચો અને વંચાવો ગ્રાહક બનો અને બનાવો...











# પ્રસાદી મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ આદી દેવોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ

કચ્છના હરિભક્તોની વિનંતીને માન્ય રાખી કચ્છદેશના હરિભક્તોના સુખ, શાંતિ અને કલ્યાણ માટે શ્રીજી મહારાજે ભુજ મંદિર નિર્માણનો સંકલ્પ કરી સ્વામી વૈષ્ણવાનંદને મંદિરના નિર્માણનું કાર્ય સોપ્યું વિ.સં. ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમના પાવન કારી દિવસે શ્રીજી મહારાજે બાથમાં ઘાલીને પોતાનું સ્વરૂપ શ્રી નરનારાયણદેવને કચ્છમાં નિર્મિત મંદિરમાં પધારાવ્યા. કચ્છના પ્રથમ અને વિશ્વના દ્વિતીય મંદિર થકી કચ્છના હરિભક્તોને શ્રીજી મહરાજના નિત્ય દર્શનનો લાભ મળ્યો. બ્રહ્માનંદ સ્વામીની પરંપરાના સ્વામી અચ્યૂતદાસજી તથા સ્વામી અક્ષરજીવનદાસજી આદી સંતોની ઉપાસનાની આ ભૂમિ ૧૮૦ વર્ષ સુધી ધ્યાન, ભજન, કીર્તન, આરાધના, ઉપાસના, ધર્મ, ભક્તિ અને સત્સંગનું કેન્દ્ર બની રહ્યું.

૨૦૦૧ની સાલમાં આવેલા વિનાશકારી ભૂકંપના કારણે આ પવિત્ર પરિસર ક્ષતી ગ્રસ્ત થયું. મંદિર ધ્વંસ થતા બિરાજમાન દેવોને નૂતન મંદિર છે ત્યાં કામચલાવ મંદિરમાં પધરાવવામાં આવ્યા. દરમ્યાન શ્રીજી મહારાજે સ્વયં પસંદ કરેલ જગ્યાએ તૈયાર થયેલા મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય હાથ ધરાયું અને સુંદર સ્વરૂપ અપાયું. સમગ્ર પરિસરનું કાર્ય એવી રીતે હાથ ધરાયું કે ભજન કીર્તન, સત્સંગ સભાઓ, જ્ઞાન સભાઓ, ઉત્સવો તેમજ ધાર્મિક પ્રવૃતિઓ દ્વારા હરિભક્તો ભક્તિના માધ્યમથી પ્રભુ પરાયણ બની રહે. પ્રસાદીના આ મૂળ મંદિરમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવની નૂતન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. વિઘ્નવિનાયકદેવ શ્રી ગણેશ, કષ્ટભંજન હનુમાનજી, શ્રી ભોળાનાથ મહાદેવ પણ અહીં દર્શન આપે છે. આ પ્રસાદીના મંદિરમાં બિરાજમાનદેવોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ભક્તિ ભાવ અને ઉલ્લાસ સાથે તા. ૨૨-૫-૧૧ના રોજે ઉમંગ ભેર ધામધૂમથી ઉજવવામાં આવ્યો. પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીના માર્ગદર્શન મુજબ સમગ્ર દિવસ દરમ્યાન ભક્તિ સભર વિવિધ કાર્યક્રમો યોજાયા જેનો માટી સંખ્યા ઉપસ્થિત રહીને હરિભક્તોએ લાભ લીધો.

પ્રભાતે મંગળા આરતી બાદ સવારે ૬ વાગે પૂજન વિધિ સમયે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજીની ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કર્યો હતો. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી સાથે રહીને યજમાન પરિવારે ઠાકોરજીની આરતી ઉતારી હતી સવારે ૬:૧૫ થી ૭:૦૦ પંચામૃત અભિષેક ત્યારબાદ કથા સંતોના આશીર્વાદ બાદ અન્નકૂટ દર્શન વિવિધ પકવાનોથી બનાવેલા છપ્પન ભોગ ઠાકોરજી સમક્ષ કલાત્મક રીતે ગોઠવવામાં આવેલ તેમની આરતી સવારે ૮:૩૦ કલાકે કરવામાં આવી હતી. સાંજે ૬:૦૦ થી ૭:૦૦ ધૂન કીર્તનમાં સાંખ્યો યોગી બહેનો, કર્મયોગી બહેનો તેમજ હરીભક્તો જોડાયા હતા. ત્યાર બાદ મહા આરતી સમયે સમગ્ર પરિસર પવિત્ર જ્યોતના પ્રકાશથી જગમગી ઉઠ્યું હતું. ત્યારબાદ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવાનોની સત્સંગ સભાનું આયોજન કરાયું હતું. રાત્રે ૮:૩૦ કલાકે શયન આરતી બાદ રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાતે નવ વાગે સંતો અને હરિભક્તોએ રાસની રમઝટ બોલાવી હતી. ત્યાર બાદ ઠાકોરજીનો પ્રસાદ ગ્રહણ કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

આ પાટોત્સવ તેમજ સંપૂર્ણ દિવસના યજમાન પદે ભાગ્યશાળી સેવાભાવી અ.નિ. મનજીભાઈ લાલજીભાઈ વરસાણી ધ.પ. ગં.સ્વ. અમરબાઈ સુપુત્ર લક્ષ્મણભાઈ મનજી વરસાણી, ધ.પ. પુષ્પાબેન, સુપુત્ર મેઘજીભાઈ મનજીભાઈ વરસાણી,પૌત્ર રમેશભાઈ, ધ.પ. ધરતીબેન, પૌત્રી નિધિ, પૌત્ર વિનોદ, જિતેશ, શૈલેષ સહપરીવાર રહ્યા હતા. ગામ વેકરા, હાલે ભુજ, કાર્યક્રમ સફળ બનાવવામાં મંડળના વડિલ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ. સ્વામી હરિબળદાસજી તથા કો. સ્વામી શ્રીપ્રકાશદાસજી આદી સંતો અને હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.


ભુજ મંદિરના પ્રકાશનો
ઉપલબ્ધી શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્ર
Vachanamrutam
VACHANAMRUTAM
સત્સંગીઓના ચિહ્નો
Mental & Physical Health
Sixteen Samskaras
YAMDAND
KIRTAN VIVECHAN
RELIGIOUS RITES
સતીધર્મ
કીર્તન વિવેચન
Indian Philosophy
Social Reformer Lord Shree Swaminarayan
માતૃ દેવો ભવ
FUN BOOK
તન-મનનું સ્વાસ્થ્ય અને વ્યસન
સોળ સંસ્કાર
હું કોણ છું ?
શ્રી શિક્ષાપત્રી
માંડવી દર્શન
ભક્તચિંતામણિ
હરિસ્મૃતિ
કચ્છ દર્શન
A New Wonder of the World
અનુપમ ભક્તિ સંગીત
શ્રીમદ્ ભાગવત કથા
સાંસ્કૃતિક કાર્યક્રમ

RNI NO. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09

Regd.No.GKCH-158-2009/2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09





**તીર્થધામ ભુજને આંગણે ધામધુમથી ઉજવાયો શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ**

